Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૪ મું ] [ અંક ૧૧ મો.

ભાદ્રપદ

ઇ. સ. ૧૯૪૮ ૫ મી સપ્ટેમ્બર

વીર સં. ૨૪૭૪ વિક્રમ સં. ૨૦૦૪

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂ. ૧-૧૨-૦

પુસ્તક ૬૪ મું
અંક ૧૧ મો. } ભાદ્રપદ { વીર સં. ૨૪૭૪
વિ. સં. ૨૦૦૪

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧. | ગૌતમને સંબોધન... | ( અમરચંદ માવજી શાહ ) | ૨૫૯ |
| ૨. | जीवन का कुछ ध्येय हो... | ( રાજમલ ભંડારી ) | ૨૬૦ |
| ૩ | જીવનની અસ્થિરતા | ( મગનલાલ મોતીચંદ શાહ ) | ૨૬૨ |
| ૪. | ધાર્મિક વિચારણા : ૨ | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૨૬૩ |
| ૫. | શાંતાકુમારી | ( વિરૂ ) | ૨૬૬ |
| ૬. | સાહિત્ય-વાડીનાં કુસુમો ... | ( મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૨૭૦ |
| ૭ | મહત્તા, માનવતા અને દેવતા | ( શ્રી બાલચંદ હીરાચંદ ) | ૨૭૧ |
| ૮. | પર્યુષણાની પ્રથમ ભૂમિકા | (ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M.B.B.S.) | ૨૭૮ |
| ૯. | યોગીનો સંદેશો | ( શ્રી જીવરાજભાઈ ઓધવજી ) | ૨૮૧ |
| ૧૦ | "कुलक" संज्ञक जैन रचनाएं : २ | ( શ્રી અગરચંદજી નાહટા ) | ૨૮૨ |


## વિવિધ પૂજા સંગ્રહ ભાગ ૧ થી ૯

જેની ઘણા સમયથી માગણી રહે છે તે વિવિધ પૂજા સંગ્રહ અમારી પાસેથી મળી શકશે. નવ વિભાગમાં પં. શ્રી વીરવિજયજી, રૂપવિજયજી, પદ્મવિજયજી, ઉ૦ યશોવિજયજી વિગેરે પૂર્વાચાર્યોની તેમજ અર્વાચીન પૂજાઓ આપવામાં આવી છે સ્નાત્રપૂજાઓ, શાંતિજિન કળશ, અઢીસેં અભિષેક, પૂજા ભણાવવામાં ઉપયોગી થઈ શકે તેવા દુહાઓ તેમજ આધ્યાત્મિક પદો વિગેરેનો સંગ્રહ કરવામાં આવ્યો છે. પૃષ્ઠ ૬૮૦, પાકું બાઈંડીંગ છતાં મૂલ્ય માત્ર રૂા. ત્રણ.

ભાવમાં કરેલો ખાસ ઘટાડો

## દેવસીરાઈ પ્રતિક્રમણ—સાર્થ.

આ પુસ્તકની કિંમત રૂા. સવા બે રાખવામાં આવી હતી પરન્તુ પ્રચારની દષ્ટિબિંદુથી તેની કિંમત ઘટાડવામાં આવી છે. આ પુસ્તકમાં શબ્દાર્થ, અન્વયાર્થ, ભાવાર્થ અને ઉપયોગી ફુટનોટ આપવામાં આવી છે. શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ અને રાજનગર ધાર્મિક પરીક્ષાનો કોર્સ પણ દાખલ કરવામાં આવ્યો છે. શુદ્ધિ ઉપર પૂર્ણ લક્ષ આપી વિદ્યાર્થીને ઉપયોગી થઈ પડે તેવી શૈલી રાખવામાં આવી છે. કિંમત રૂા. ૧-૧૨-૦ આજે જ લખો—શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૪ મું.
અંક ૧૧ મો

: ભાદ્રપદ :

વીર સં. ૨૪૭૪
વિ. સં. ૨૦૦૪

## ચેતનને સંબોધન

ચેતના શું કરે બીચારી, ચેતન પતિ માયાચારી;
ભટકે આસક્તિમાં ભારી, કામ ક્રોધ એ અવિચારી. ચેતના. ટેક. ૧
નહિં સમજે એહ લગાર, મારે કહેવું કેટલી વાર;
એણે તોડ્યા પ્રેમનાં તાર, મારે ચિંતાનો નહિ પાર. ચેતના. ૨
મોહ માયાતણે ફંદે, વિષય કષાયને છંદે;
રાગ દ્વેષને એ દ્વંદે, ફસાયા પર આનંદે. ચેતના. ૩
સાસરીયું ગોત્યું સારું, પણ ભાગ્ય મુજ નઠારું;
આત્મરાજ્ય છે આ મારું, પતિ દેવ વિના અંધારું. ચેતના. ૪
આવો આવો ચેતન વ્હાલા, પીઓ અમૃત રસનાં પ્યાલા;
મૂકો સંસારી સૌ ચાળા, આત્મ દેવ ઓ રૂપાળા! ચેતના. ૫
સૌભાગ્ય મારું શોભાવો, સૌરભ દિલ પ્રસરાવો;
મુજ મંદિર દીપ પ્રગટાવો, "અમર" આનંદ છલકાવો. ચેતના. ૬

અમરચંદ માવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ॥ जीवन का कुछ ध्येय हो ॥

अपने जीवन में बनाना, ध्येय तो कुछ चाहिये ।
बिन ध्येय का जीवन, तो बस निरर्थक समझना चाहिये ॥ १ ॥

खाने कमाने भोगने का, है नहीं कुछ ध्येय हो ।
हो आत्म का उत्कर्ष, वैसा ध्येय होना चाहिये ॥ २ ॥

दिन रातरूपी चक्र तो, चलते रहेंगे विश्व में ।
विश्व की अनंतता पर, लक्ष्य देना चाहिये ॥ ३ ॥

हर कार्य का कारण रहा, कारण बिना नहीं कार्य है ॥
जीवन का कारण न समझे, तो समझना चाहिये ॥ ४ ॥

वैसे सब ही कारणों से, कार्य अपना कर रहे ॥
विश्व के इन कारणों को, न यथार्थ कहना चाहिये ॥ ५ ॥

कोई रखता ध्येय अपना, धन उपार्जन का सदा ॥
कोई अपनी कीर्ति में, आसक्त कहना चाहिये ॥ ६ ॥

संतान नहीं वह संतान-प्राप्ति का बनाते ध्येय है ॥
त्रिया नहीं वह त्रिया में, तत्पर ही कहना चाहिये ॥ ७ ॥

वैभव नहीं वह बनाते, ध्येय वैभव प्राप्ति का ॥
है देह जीन की रोगमय, आरोग्य उनको चाहिये ॥ ८ ॥

है कमी जीस वस्तु की, उस वस्तु के ही ध्येय में ॥
विश्व के सब मानवी को, आसक्त कहना चाहिये ॥ ९ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ऐसे अनेकों ध्येयवाले, मानवी हैं विश्व में ॥
यह ध्येय है सब ही क्षणिक, न स्थायी कहना चाहिये ॥ १० ॥

बाल्य यौवन प्रौढ़ि का, है ध्येय ही बस है यही ॥
ध्येय उत्तमोत्तम वही, निजरूप लखना चाहिये ॥ ११ ॥

मैं कौन हूं ? आया कहां से ? जग से क्या सम्बन्ध है ? ॥
शाश्वत है भूमि कौनसी ? जहां मुझ को रहना चाहिये ॥ १२ ॥

माता पिता दारा सुता सुत, है नहीं साथी मेरे ॥
साथी है मेरे कर्म और, धर्म कहना चाहिये ॥ १३ ॥

भवभव के साथी जो बने, उसका ही रखना ध्यान है ॥
होवे प्रवृत्ति वैसी ही, यह लक्ष्य होना चाहिये ॥ १४ ॥

शुभ कर्म और जिन धर्म में, तन्मय बने यह आतमा ॥
पुद्गल में नहीं उल्लास हो, उदास होना चाहीये ॥ १५ ॥

जिन धर्म के नव तत्त्व का, चिंतन सदा होता रहे ॥
बुद्धिफलं तत्त्वविचारणं च, के भाव होना चाहिये ॥ १६ ॥

देहस्य सारं व्रतधारणं च, का बनाना नियम ही ।
अर्थस्य सारं किल पात्रदानम्, में व्यय करना चाहिये ॥ १७ ॥

वाचाफलं प्रीतिकरं नराणाम्, का हो सदुपयोग ही ॥
इन चार बातों को हृदयंगम, अवश्य करना चाहिये ॥ १८ ॥

प्रभु वीर का टंकशाली वाक्य, गोयम प्रमाद न कर जरा ।
इस गंभीरार्थ का निज आत्म में, मनन रहना चाहिये ॥ १९ ॥

तब ही सार्थक होगा यह, जीवन का कुछ ध्येय ही ।
इस ध्येय में ही 'राज' अपना, श्रेय लखना चाहिये ॥ २० ॥

राजमल भण्डारी–आगर ( मालवा )



For Private And Personal Use Only

# : : જીવનની અસ્થિરતા : :

અનુષ્ટુપ.

સંસારમાં ખરી રીતે, સર્વ વસ્તુ અનિત્ય છે;
સુખ જ્યાં છે વૃથા લેશ, પામે મૂર્છા મનુષ્ય ત્યાં. ૧
સ્વયં ને પર પીડાએ, ઘેરાયેલા દશે દિશે;
ચવાતા યમના દાંતે, કષ્ટથી જીવ જીવતા. ૨
વજ્રરૂપણ દેહની, દેખાય જ્યાં અનિત્યતા;
કેળગર્ભ સમા દેહો, ટકવાની વાત શી કરો? ૩
આધારે આ શરીરમાં, ઇચ્છે જે જન શાશ્વતા;
જીર્ણ તૃણ સમા દેહે, કરે બુદ્ધિ મમત્વની. ૪
ઔષધો મંત્ર ને તંત્ર, નથી ત્રાણ મનુષ્યના;
મરણરૂપ વાઘના, મુખ પોલાણમાં જતા. ૫
જીવનમાં થતાં વૃદ્ધિ, પ્રથમ નડતી જરા;
વેઠે મૃત્યુ પછી તુર્ત, તેથી અસાર જન્મ આ. ૬
જો જાણે માનવી પોતે, જીવન કાળ વર્તી છે;
ન ભરે ભોગિયો કોઇ, પાપની શી કહું કથા? ૭
પરપોટા જળે થતા, પામે જેમ વિનાશને;
શરીરો તેમ પ્રાણીનાં, ક્ષણમાં નાશ પામતા. ૮
રંક રાજા ધની મૂર્ખ, જ્ઞાની સજ્જન દુર્જન;
પક્ષપાત વિના સર્વે, જાય છે યમ-મંદિરે. ૯
ન દયા ગુણીમાં તેને, દ્વેષ દોષિતમાં નથી;
દાવાનળ બાળે જેમ, તેમ સંહાર તે કરે. ૧૦
કદી કુશાસ્ત્ર જ્ઞાતાએ, આશંકા કરવી નહીં;
કોઇ ઉપાયથી કાયા, ઉપદ્રવ વિના રહે. ૧૧
લાકડી મેરુની કરી, પૃથ્વી છત્ર સમી ધરી;
એવા બલી ન મૃત્યુથી, રક્ષી શક્યા સ્વ અન્યને. ૧૨
કીડીથી ઇંદ્ર પર્યંત, કાળ પ્રભાવ રાજતો;
મૂર્ખ વિના કહે કોણ? ઠગીશ કાળ દૈત્યને. ૧૩
કદી પૂર્વપુરુષને, કોઇ જોઇ શકે ખરો;
તેવી ઠગાઇ કાળની, સદા ન્યાય વિરુદ્ધ છે. ૧૪

મગનલાલ મોતીચંદ શાહ—વઢવાણ કેમ્પ



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તાત્ત્વિક વિચારણા.

લેખક–આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

( ગતાંક પૃષ્ઠ ૨૧૫ થી ચાલુ. )

જગતમાં કોઇપણ એવો પ્રદેશ નથી કે જ્યાં જીવ તથા પુદ્‌ગલ દ્રવ્ય ન હોય અને તેથી જ આકાશ દ્રવ્યને એક તથા સર્વવ્યાપી માન્યું છે; કારણ કે જીવ તથા પુદ્‌ગલનું આધારભૂત આકાશ દ્રવ્ય છે એટલે તે દ્રવ્યોના આકારો પણ આકાશ દ્રવ્યમાં જ રહેલા છે. આકાર અથવા તો અવગાહનાથી વસ્તુની વ્યાપ્તી જણાય છે. સકર્મક જીવ તથા પુદ્‌ગલ દ્રવ્યના આકાર તથા અવગાહના બંને હોઇ શકે છે અને શુદ્ધ જીવ દ્રવ્યની માત્ર અવગાહના હોય છે, પણ આકાર હોતો નથી. જેમ આપણી પડછાયો ભીંત કે પૃથ્વી આદિ આધારભૂત કોઇપણ વસ્તુ ન હોય તો પડી શકે નહિં તેમ વસ્તુનો આકાર કે અવગાહના અવગાહ–આકાશ સિવાય બની શકે નહિં. સર્વ કર્મ ક્ષય થયા પછી શુદ્ધ આત્મપ્રદેશો જેટલા આકાશપ્રદેશમાં અવગાહીને-ફેલાઇને રહ્યા છે તેટલા આકાશપ્રદેશની સિદ્ધની અવગાહના કહેવાય છે પણ આકાર કહેવાતો નથી, અને પુદ્‌ગલ દ્રવ્ય-પરમાણુ તથા સ્કંધો આકાશમાં અવગાહીને રહ્યા છે છતાં તેની અવગાહના ન કહેતાં આકાર કહેવાય છે ત્યારે સકર્મક-સશરીરી જીવના અવગાહને અવગાહના તથા આકાર બંને કહેવામાં આવે છે; માટે જ રૂપી દ્રવ્ય હોય કે અરૂપી હોય બધાયનું આધારભૂત આકાશ છે. તેને અવગાહ-ફેલાઇને રહેવા યોગ્ય કહેવામાં આવે છે, અને જે દ્રવ્ય જેટલામાં ફેલાઇને રહ્યું હોય તે તેની અવગાહના અથવા તો આકાર કહેવાય છે અને જે દ્રવ્ય ફેલાય છે-અવગાહીને રહે છે તે અવગાહક નામથી ઓળખાય છે. જેમકે આપણે જે જમીન ઉપર બેઠા હોઇએ તે જમીન અવગાહ કહેવાય અર્થાત્ બેસવાના આધારભૂત, અને બેસવામાં જેટલી જગ્યા રોકાય તે આપણી અવગાહના અને જગ્યા રોકનાર આપણે અવગાહક કહેવાઇએ. જેવી રીતે આકાશ દ્રવ્ય અરૂપી-અક્રિય તથા સર્વવ્યાપી હોઇને જીવ તથા પુદ્‌ગલના આધારભૂત છે, તેવી જ રીતે ધર્મ તથા અધર્મ આ બંને દ્રવ્યો પણ અરૂપી-અક્રિય તથા સર્વવ્યાપી હોઇને જીવ તથા પુદ્‌ગલને ગતિસ્થિતિક્રિયામાં સહાયક છે. જો ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય જેવા બે પદાર્થો-દ્રવ્યો ન હોય તો જીવ તથા પુદ્‌ગલમાં કોઇપણ પ્રકારની ક્રિયા સંભવે નહિં. ક્રિયા માત્રનો ગતિ તથા સ્થિતિમાં સમાવેશ થઇ જાય છે અને જો બધાય દ્રવ્ય અક્રિય થાય તો પછી જગત જેવી કોઇપણ વસ્તુ હોઇ શકે નહિં; કારણ કે જગત કાર્યસ્વરૂપ છે, અને તે કાર્ય ક્રિયા આધીન છે. જ્યારે ક્રિયાનો અભાવ માનવામાં આવે તો કાર્યનો પણ અભાવ થઇ જાય અને તેથી કારણ દ્રવ્યનો પણ અભાવ જ થાય છે; માટે જગતના અસ્તિત્વમાં સક્રિય દ્રવ્યોની આવશ્યકતા રહે છે. અને સક્રિય દ્રવ્યો દેશવ્યાપી જ હોય છે અને તેના સહાયક દ્રવ્યો સર્વવ્યાપી તથા અરૂપી હોય છે માટે જ આકાશાસ્તિકાય જીવ તથા પુદ્‌ગલના આધારભૂત છે અને ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય ગતિ-સ્થિતિમાં સહાયક છે તેમજ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્વવ્યાપી હોઇને એક સંખ્યાવાળા છે અને તે અનાદિથી જ અરૂપી થવાથી આકાર રના છે. માત્ર જીવ દ્રવ્ય જ એવું છે કે જેમાં અતીત અવસ્થાઓ ઘટી શકે છે. પી-અરૂપી, સાકાર તથા નિરાકાર આદિ અવસ્થાઓ જીવ દ્રવ્ય સકર્મક તથા અકર્મક વાથી તેમાં સાપેક્ષપણે રહેલી છે. બાકીનાં ચાર દ્રવ્યો તો અનાદિકાળથી જે સ્થિતિમાં છે સ્થિતિમાં કાયમ રહે છે. અર્થાત્ પુદ્ગલાસ્તિકાય, રૂપી, સાકાર, સક્રિય અને દેશવ્યાપી નાદિ અનંતપણે રહેવાનું અને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, તથા આકાશાસ્તિકાય, અરૂપી, ક્રિય અને સર્વવ્યાપીપણે નિરંતર રહેવાના તેમાં દેશવ્યાપીપણું-સક્રિયતા કે રૂપીપણું ચારે ય બની શકતું નથી.

કર્ણેન્દ્રિય-કાન શબ્દને ગ્રહણ કરે છે, કાનથી જે શબ્દ સંભળાય છે તેમાં વર્ણ-ગંધ-સ તથા સ્પર્શ રહેલો છે માટે રૂપી હોવાથી આકારવાળો છે છતાં કાનથી તે ગ્રહણ થાય કે નહિં. શબ્દમાં અનેક પુદ્ગલ સ્કંધો રહેલા છે માટે તે પૌદ્ગલિક છે પણ તે અત્યંત ક્ષ્મ હોવાથી આંખ તેને જોઇ શકતી નથી. વર્તમાન વિજ્ઞાને શબ્દનું પૌદ્ગલિકપણું યોગોદ્વારા સિદ્ધ કરી બતાવ્યું છે, માટે વર્ણ-ગંધ-રસ તથા સ્પર્શ જેમ વસ્તુના ગુણ છે ને તેને જેમ ચક્ષુ આદિ ઇંદ્રિયો ગુણી દ્રવ્ય સહિત પ્રત્યક્ષ કરી શકે છે તેમ શબ્દ પ્રત્યક્ષ તો નથી માટે તે ગુણ નથી પણ દ્રવ્ય છે, અને જો શબ્દ ગુણ હોય તો વર્ણ આદિની મ દ્રવ્યમાં નિરંતર ઉપલબ્ધ થવો જોઇએ પણ તેમ જણાતો નથી, માટે તે પૌદ્ગલિક સ્તુઓ અથડાવાથી ઉત્પન્ન થાય છે અથવા તો ભાષાવર્ગણા-ભાષા બનવા લાયક પૌદ્ગલિક ધોના જથ્થામાંથી પૌદ્ગલિક સ્કંધો લઇને બનાવવામાં આવે છે અને એટલા માટે વ, અજીવ તથા મિશ્ર એમ ત્રણ પ્રકારના શબ્દ કહેવાય છે. દેહધારી જીવો ભાષા-ર્ગણામાંથી પુદ્ગલો ગ્રહણ કરીને બોલે છે તે જીવશબ્દ, અને નિર્જીવ વસ્તુઓ પરસ્પર થડાવાથી જે શબ્દ ઉત્પન્ન થાય છે તે અજીવશબ્દ અને જીવ તથા અજીવ બેના સંસર્ગથી રી-મૃદંગ શંખ આદિ વગાડવાથી ઉત્પન્ન થાય છે તે મિશ્ર શબ્દ કહેવાય છે. ગૌંગા થા વાચિક સ્પોકર આદિ જીવ શબ્દ છે, કારણ કે તેમાં સ્પષ્ટ શબ્દોચ્ચાર થાય છે તેમજ લાવેલા શબ્દો સંભળાય છે. બેંડ તથા શરણાઇ આદિનો શબ્દ મિશ્ર હોય છે. જો કે માં ગવાતી વસ્તુ સ્પષ્ટ સમજાય છે પણ શબ્દોચ્ચાર સ્પષ્ટ હોતો નથી, ફોનોગ્રાફમાં બ્દનો સ્પષ્ટ ઉચ્ચાર થાય છે છતાં તે અજીવ શબ્દ છે; કારણ કે ફોનોગ્રાફમાં સોય અને કર્ડના ઘસારાથી શબ્દ ઉત્પન્ન થાય છે પણ જીવ જેમ ભાષાવર્ગણામાંથી પુદ્ગલો લે છે તેમ નોગ્રાફનું રેકર્ડ જડ હોવાથી લઇ શકતું નથી પણ રેકર્ડ-પ્લેટમાં કોતરાયેલા બ્દો સોયના ઘસારાથી પ્રગટ થાય છે માટે તે જીવ શબ્દ કહેવાય નહિં. તાત્પર્ય કે-જેને બોલવું કહેવામાં આવે છે, અર્થાત્ અમુક બોલે છે એમ જે કહેવાય છે તે જીવ બ્દ તરીકે ઓળખાય છે. પછી તે સ્પષ્ટ ઉચ્ચાર હોય કે અસ્પષ્ટ હોય પણ જીવ શબ્દને લવું કહેવામાં આવે છે. અને જીવ તથા જડના સંયોગથી જે શબ્દ ઉત્પન્ન થાય છે ને વાગે છે એમ કહેવામાં આવે છે. અને અજીવ શબ્દને અવાજ થાય છે એમ કહેવાય બોલવું, વાગવું અને અવાજ થવો આ ત્રણે ક્રમથી જીવ, અજીવ તથા મિશ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શબ્દને ઓળખાવે છે. આંખ, જીભ, નાક તથા સ્પર્શેન્દ્રિય વર્ણાદિને જેમ નિરંતર ગ્રહણ કરે છે તેમ કાન નિરંતર શબ્દનો ગ્રહણ કરતો નથી, કારણ કે તે વર્ણાદિની જેમ ગુણ નથી પણ દ્રવ્ય છે અને એટલા માટે જ ઘણા વખત જ્યાં શબ્દ ન થતો હોય ત્યાં સુધી જ શાંતિ છે—શબ્દ ગોચર નથી એમ કેટલાક માનવીઓને કહેતા આપણે સાંભળીએ છીએ. જો શબ્દ દ્રવ્ય ન હોય અને ગુણ હોય તો જેમ એક પરમાણુમાં એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ કહ્યા છે તેમ શબ્દને કહ્યો નથી માટે પણ શબ્દ ગુણ નથી પણ દ્રવ્ય છે, અને તે બે દ્રવ્યોના સંયોગથી ઉત્પન્ન થાય છે માટે વિભાવ છે પણ કોઇ દ્રવ્યનો સ્વભાવ નથી. જીવ, અજીવ તથા મિશ્ર એમ ત્રણ પ્રકારનો શબ્દ જે ઉપર બતાવ્યો છે તે જીવ તથા પુદ્ગલ દ્રવ્યને ઉદ્દેશીને છે પણ કોઇ પણ દ્રવ્યના ગુણને આશ્રયીને નથી. જીવ શબ્દ ભાષાવર્ગણાઓમાંથી ઉત્પન્ન થાય છે અને તે જીવ આત્મા અનંત વ્યાપક પુદ્ગલ સ્કંધોમાંથી પુદ્ગલો લઇને ભાષારૂપે ગોઠવીને બહાર કાઢે છે કે જેને ભાષા કહેવામાં આવે છે. જીવ ભાષાપણે પરિણમાવીને જે પુદ્ગલોને બહાર ફેંકે છે તેને સમશ્રેણિમાં રહેલ જે વક્તા તેની ભાષાને બોલવામાં આવે છે તે દિશામાં રહેલા જીવો સાંભળે છે એટલે તેવા ભાષાવર્ગણાથી ઉત્પન્ન થયેલી ભાષા સાંભળે છે પણ બીજી દિશાઓ કે વિદિશાઓમાં રહેલા જીવો સાંભળે છે તે ભાષાના પુદ્ગલો ભાષાથી વાસિત થયેલા અન્ય પુદ્ગલ સ્કંધો સાંભળે છે છતાં તે પણ જીવ શબ્દ કહેવાય છે પણ મિશ્ર, અજીવ શબ્દ કહેવાતો નથી. આ જીવ શબ્દ જીવ તથા ભાષાવર્ગણારૂપ પુદ્ગલ દ્રવ્યના સંસર્ગથી ઉત્પન્ન થાય છે. જીવ પ્રયત્નથી ભાષાવર્ગણા ભાષારૂપે પરિણમે છે માટે તે ભાષા જીવ શબ્દ કહેવાય છે. જો કે જીવ શબ્દ એકલા જીવ દ્રવ્યથી ઉત્પન્ન થતો નથી પણ જીવ તથા પુદ્ગલ દ્રવ્યના સંયોગથી ઉત્પન્ન થાય છે તોયે તે મિશ્ર શબ્દ કહેવાય નહિં, કારણ કે જીવ શબ્દનો નિયામક જીવ છે, તેનામાં ભાષા બોલવાની અભિલાષા હોવાથી તે કોઇ પણ જીવ શરીર-રહિત ... ભાષાવર્ગણાના ... પુદ્ગલ સ્કંધોમાંથી પુદ્ગલો લઇને પોતાના ક્ષયોપશમ પ્રમાણે બુદ્ધિપૂર્વક તેને ભાષાપણે પરિણમાવીને વચનયોગથી બહાર કાઢે છે. તેમાં જીવની પ્રધાનતા હોવાથી તે જીવ શબ્દપણે ઓળખાય છે, મિશ્ર શબ્દમાં પણ જીવ તથા પુદ્ગલ દ્રવ્યોનો સંયોગ હોય છે, છતાં તે જીવ શબ્દ કહેવાતો નથી પણ મિશ્ર શબ્દ કહેવાય છે, કારણ કે મિશ્રમાં જીવ તથા પુદ્ગલ બન્ને દ્રવ્યોની પ્રધાનતા છે. જો કે જીવના પ્રયત્ન સિવાય તો મિશ્ર શબ્દ થઇ શકે નહિં છતાં જીવ શબ્દ અને મિશ્ર શબ્દની પ્રક્રિયામાં ભેદ રહેલો છે. જીવ શબ્દમાં જીવ પોતાના ક્ષાયોપશમિક વીર્યવિશેષથી શુદ્ધ પુદ્ગલ દ્રવ્ય ગ્રહણ કરે છે ત્યારે મિશ્ર શબ્દમાં ઔદારિકાદિ સ્થૂળ શરીર દ્વારા અન્ય જીવોએ ઔદારિક શરીરપણે પરિણમાવીને છોડી મૂકેલા નિર્જીવ પુદ્ગલ-સ્કંધ દ્રવ્યને ગ્રહણ કરે છે. જીવ શબ્દમાં પુદ્ગલ ગ્રહણ કરનાર જીવ દ્રવ્ય તથા ગ્રહણ કરેલા પુદ્ગલ દ્રવ્યોનું પ્રત્યક્ષ થતું નથી પણ જ્યારે જીવ પુદ્ગલોને ભાષાપણે પરિણમાવીને બહાર કાઢે છે ત્યારે કાનદ્વારા માત્ર શબ્દ પ્રત્યક્ષ થાય છે, પણ મિશ્ર શબ્દમાં તો બન્ને પ્રત્યક્ષ થાય છે, કારણ કે મિશ્ર શબ્દ સચેતન તથા અચેતન દેહના સંયોગથી ઉત્પન્ન થાય છે. અને તે બન્ને કાર્ય—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમતી શાન્તિકુમારી

## ( અધ્યાત્મ તરફ આત્માને આકર્ષતી એક રૂપક કથા )

લેખક—દ્વિ રે ફ.

મહારાજા ધર્મધનનું સામ્રાજ્ય સર્વ રીતે પરિપૂર્ણ હતું. સર્વાંગસંપૂર્ણ એ મહારાજ્યમાં પ્રજા સર્વ પ્રકારે સુખી હતી ધર્મધન મહારાજાની પ્રકૃતિ પણ પ્રમાણ અને દયાપ્રધાન હતી. સમતાદેવી મહારાજ્ઞી એ ખરેખર મહારાણી હતાં. રાજા-રાણીને સંતાનમાં ફક્ત એક પુત્રી હતી. કેળવાએલ દંપતીએ એ પુત્રીને પણ એવી કેળવી હતી. શિક્ષિત સ્ત્રીસમાજમાં એની કોઇ તુલના કરી શકે તેમ ન હતું.

શાન્તિકુમારીના નયનમાં જાદુ હતું કે તેને જોતાવેંત સૌ કોઇ તેને વશ થઇ જતા. તેના મુખ પરથી મોહકતા ક્ષણ પણ ખસતી નહિં. તેના અધર પર હાસ્ય હંમેશા રમ્યા કરતું. સુશ્લિષ્ટ અને પ્રમાણોપેત તેના પ્રત્યેક અવયવો આકર્ષક હતાં.

એ આકર્ષક અવયવોમાં જ્યારે એકાએક યૌવને પ્રવેશ કર્યો ત્યારે તો તેને જોઇને રતિ ને કામદેવ બન્ને લજ્જિત થઇ ગયાં.

મહારાજા અને મહારાણી કુમારીના વિવાહની ચિંતા સેવવા લાગ્યા.

રત્ન કોઇને શોધવા નીકળતું નથી. રત્નને શોધવું પડે છે. રાજકુમારી રત્ન

---

સ્વરૂપ પૌદ્‌ગલિક દ્રવ્યો છે, માટે જ બંને પ્રધાન હોવાથી મિશ્ર શબ્દ કહેવાય છે. જીવ જ્યારે સૂક્ષ્મ કારણસ્વરૂપ ઔદારિક શરીરથી અત્યંત સૂક્ષ્મ શુદ્ધ પુદ્‌ગલ સ્કંધો ગ્રહણ કરીને વચનવ્યાપારદ્વારા બહાર કાઢે છે ત્યારે તે વચનપણાને પરિણમેલા ભાષાસ્વરૂપ શબ્દો જીવના પ્રયત્નની પ્રધાનતાથી જીવ શબ્દ કહેવાય છે અને તે પ્રયત્ન અપ્રત્યક્ષ હોય છે. મિશ્રમાં તો સ્થૂળ કાર્ય શરીર હોવાથી સચેતન તથા અચેતન બંને શરીરોનું પ્રત્યક્ષ થાય છે અને કાન શબ્દને પ્રત્યક્ષ કરે જ છે. અજીવ શબ્દ સ્થૂળ પુદ્‌ગલ સ્કંધોના અથડાવાથી થાય છે તેમાં જીવનો પ્રયત્ન હોતો નથી, અજીવ શબ્દમાં શુદ્ધ પૌદ્‌ગલિક સ્કંધો હોતા નથી પણ જીવે ઔદારિક શરીરપણે પરિણમાવેલા અચેતન પુદ્‌ગલ સ્કંધોના સંઘર્ષણથી તે થાય છે. તેમાં જીવનો પ્રયત્ન ન હોવાથી અજીવ શબ્દ કહેવાય છે. આ પ્રમાણે વસ્તુતત્ત્વ સમજાય છે. પુદ્‌ગલાસ્તિકાયનો વિષય અત્યંત ગહન અને ગંભીર છે, તેને વ્યવસ્થિતપણે તો જ્ઞાની પુરુષો જ વર્ણવી શકે છે. છદ્મસ્થ ગમે તેટલી વિચારણા કરે છતાં સ્ખલનાઓ તો થવાની જ તેથી તે સંબંધી જ્ઞાની પુરુષોની પાસેથી ક્ષમા માંગવી જ પડે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતી, તેની શોધમાં સેંકડો ને હજારો માણસો ફરતા હતા. રાજા પાસે જુદા જુદા માગા આવતા હતા. પણ—

* * *

રાજકુમારી જ્યાં રહેતી હતી ત્યાં એક સુન્દર બગીચો હતો, જાતજાતનાં વૃક્ષો ત્યાં ઊગતા, ભિન્ન ભિન્ન પુષ્પલતાઓ ત્યાં થતી, વિવિધ કુસુમોના સૌરભ-પ્રવાહો ત્યાં વહેતા અને તેનું આકર્ષણ દૂર દૂર સુધી પ્રસરતું હતું.

તે ઉપવનમાં એક કૂવો હતો.

કૂવો બહુ ગહન અને વિશાળ હતો, છતાં દેખાવમાં તદ્દન નાનો લાગતો હતો.

દીર્ઘ દૃષ્ટિવાળી-બુદ્ધિમતી રાજકુમારી શ્રીમતી શાન્તિકુમારીએ પોતાના જીવનના ભાવી સંબંધ અંગે આ કૂવાને મુખ્ય સાધન તરીકે રાખ્યો હતો.

'તે કૂવાને જે ધનસંપત્તિથી ભરી આપે તેની સાથે વિવાહ કરવો' એવી રાજકુમારીએ પ્રતિજ્ઞા કરી હતી.

પોતાના માતપિતાને કુમારીએ એ પ્રતિજ્ઞા જણાવી હતી.

* * *

જુદા જુદા દેશવિદેશથી લોકો ત્યાં આવતા અને કૂવો જોઇ જતા.

કૂવાને જોઇને તો દરેક જણ આનન્દ અને આશાથી નાચી ઊઠતા. આટલો કૂવો ભરવો એ રાજકુંવરો માટે રમતની વાત છે. સાધારણ ગણાતા રાજ્ય પાસે પણ આટલી સંપત્તિ સહેજે હોય. કોઇ પણ ઠીક ગણાતા રાજ્યનો માસિક ધનસંચય આમાં ભરવામાં આવે તો કૂવો છલોછલ સોનામહોરથી ભરાઇ જાય એમ જોવા આવતા મોટા રાજ્યના માણસોને લાગતું.

જોતજોતામાં સ્થળે સ્થળે અને રાજ્યે રાજ્યમાં વાત ફેલાઈ ગઇ. ને દરેક સ્થળે ધનસંચય થવા લાગ્યો.

કૂપ-પરીક્ષા માટેનો દિવસ મુકરર કરવામાં આવ્યો હતો.

* * *

અનાદિનિધન નગરમાં આજે ધન-સંપત્તિથી ભરેલા ગાડે ગાડા જ્યાં જુઓ ત્યાં જણાતા હતા. વિવિધ સંપત્તિને જોતા એમજ લાગે કે જગતમાં હવે કોઇ સ્થળે શ્રીદેવી નથી. વિશ્વની લક્ષ્મી માત્ર અહિં આવી ગઇ. લક્ષ્મીનું દર્શન કરવા ઘેલા થએલા લોકો ખાવાપીવાનું પણ વીસરી ગયા હતા.

આવેલા રાજકુમારો માટે ક્રમ નક્કી કરવામાં આવ્યો હતો.

એ ક્રમ પ્રમાણે એક પછી એક રાજકુમાર પોતપોતાની સંપત્તિ લઇને કૂવો પૂરવા ચાલ્યા.

સંપત્તિ કૂવામાં ઠલવાવા લાગી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોતજોતામાં ભરાઇ જશે એમ ધારનારા રાજકુમારો વેંત જેવડા જણાતા કૂવામાં ગાડા ને ગાડા ભરી ધન યુક્તિપૂર્વક નાખવા લાગ્યા.

લાખો ગાડા ભરીને ધન તેમાં હોમાઇ ગયું.

હજારો રાજકુમારો નિરાશ થઇને નાસીપાસ થઇ ગયા.

મોટી આશાએ આવેલા સૌ કોઇ હાથ ખંખેરીને પાછા ફર્યા.

ને કૂવા વિષે તરેહતરેહની વાતો વહેતી થઇ.

* * *

એક દિવસે એક સાહસિક રાજકુમારે તનતોડ મહેનત કરી વિપુલ પ્રમાણમાં સૂવર્ણ અને રજત એકઠું કર્યું.

કૂવાના માપ પ્રમાણેની વ્યવસ્થિત સોનારૂપાની સોનીઓ પાસે લગડીઓ કરાવી.

પાંચ પચ્ચીસ લગડીઓ નહિં પણ બરોબર એક લાખ ને એક.

પોતાનું ઉજ્જવળ ભાવી હાથવેંતમાં જોતો રાજકુમાર અનાદિનિધન નગરમાં આવી પહોંચ્યો.

નિયત દિવસે પોતાની ધારણા સફળ કરવા ઉલ્લાસભેર રાજકુંવર કૂવાને કાંઠે આવ્યો.

એક પછી એક સોના ચાંદીની પાટો કૂવામાં પધરાવવા લાગ્યો.

ક્ષણવારમાં સર્વ હતું ન હતું થઇ ગયું.

એક લાખ ને એક પાટો કૂવામાં સમાઇ ગઇ. કૂવો સર્વ સ્વાહા કરી ગયો.

રાજકુમારનું ચિત્ત ફરી ગયું.

તેનું મન સંસાર ઉપરથી ઊઠી ગયું.

તે સંન્યાસી બનીને ચાલી નીકળ્યો.

* * *

ઘન-ગહન વનમાં જઇને રાજકુમારે તપ આદર્યું.

બાર વરસ સુધી સાધના કરી.

બાર વરસે એક મહાત્મા તેને મળ્યા.

મહાત્માએ રાજકુમારને જોયો.

મહાત્માએ નવ સંન્યાસીની મુખમુદ્રા નિહાળી.

મહાત્માને લાગ્યું કે આને કોઇ ચોટ લાગી છે.

રાજકુમારને મહાત્માએ પૂછયું.

“ભાઇ! આ વયે કઇ સિદ્ધિ માટે તપજપ આદર્યો છે?”

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજકુમારે અથથી ઇતિ સુધી સર્વ હકીકત સંભળાવી.

" હજુ તારે કૂવો ભરવાની ભાવના છે ? " ઋષિએ પૂછ્યું.

" હા મહારાજ ! મારે કૂવાનો ભેદ જાણવો છે ને ભરવો છે. "

રાજકુમારીને મેળવવાની ઊંડી ઊંડી આશા હજુ પણ રાજકુમારના મનમાં હતી.

" જો ! કૂવો ભરવો હોય તો તે કૂવામાં એ ઝીણું છિદ્ર છે. હજુ સુધી એ છિદ્ર બહુ ઓછાના જાણવામાં આવ્યું છે. એકીટસે તેમાં જોઇ રહેનારને એ છિદ્ર દેખાય છે. એ છિદ્રમાં એક નાનો ભમરો રહે છે. અમુક સમયે જ એ દેખા દે છે. ગુંજારવ કરતો એ બહાર નીકળે કે તરત લક્ષ્યવેધી બાણથી એને વીંધવામાં આવે તો બેડો પાર ! એ ભ્રમર જ કૂપની અપારતા છે. જે કાંઇ કૂવામાં પડે છે તેને ભસ્મીભૂત કરી જનાર એ જ છે. એના મરવાની સાથે અંદર ગએલી સર્વ સમ્પત્તિ એકાએક ઊભરાઇ આવશે. કૂવો છલકાઇ જશે. " યોગીએ આવી બતાવી.

* * *

રાજકુમાર શરધનુષ્ય સાથે ફરી મેદાને પડ્યો.

એ કૂવાને કાંઠે આવ્યો.

ત્રણ દિવસ સુધી ભૂખ્યો ને તરસ્યો ત્યાં બેસી રહ્યો.

યોગીની છટાથી કૂવામાં સ્થિર દૃષ્ટિએ જોઇ રહ્યો.

ખૂણામાં રહેલું નાનું શું છિદ્ર તેના જોવામાં આવ્યું.

બરોબર ત્રીજા દિવસની સંધ્યાએ તેમાંથી ભમરો ભં ભં કરતો બહાર નીકળ્યો. નીકળીને ફરી અંદર પેસવા જતો હતો ત્યાં તો રાજકુમારે લક્ષ્ય સાધ્યું.

ધનુષ્ય ટંકાર થયો. ધનુષ્યમાંથી શર છૂટ્યું.

ભમરો વીંધાયો. સંપત્તિ ઉભરાણી. કૂવો ભરાઇ ગયો.

રાજકુમાર કે જેનું નામ ભદ્રકુમાર હતું તેની સાથે પૂર્ણપ્રતિજ્ઞ એવી શાન્તિકુમારીના ધર્મધન રાજાએ વિવાહ કર્યા. બન્નેનો ઉચિત યોગ થયો જાણી જનતા પણ હર્ષિત થઇ. રાજરાણીને પણ આનંદ થયો. કુમારીની પ્રતિજ્ઞા ફળી ને કુમારનો નિશ્ચય ફળ્યો.

■ રાજા-રાણીના નામ જ સૂચવે છે-ધર્મ અને સમતા. તેની કુમારી શાન્તિ કે જેની સર્વ કોઇ ઝંખના કરી રહ્યું છે. વાસનારૂપી કૂવાને ભરીને શાન્તિ વરવા સર્વ કોઇ પ્રયત્ન કરે છે, પણ મનરૂપી ભમરો જે કાંઇ તેમાં ભરો તેથી સંતોષાતો નથી. તે સર્વને ભરખી જાય છે. એ ભમરાને જો મારવામાં આવે તો વાસનારૂપી કૂવાને ભરવાની જરૂર નથી, એ આપોઆપ ભરાઇ જાય છે. એમાં સર્વ ભર્યું છે. મન મારવું એ લક્ષ્યવેધ જેટલું દુષ્કર છે. તેમાં ચંચળતા કામ ન લાગે, એકાગ્ર થઇ શકનાર જ તેને મારી શકે છે. પછી તો મન જીત્યું તેણે સઘળું જીત્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય વાડીનાં કુસુમો

## સ્નેહ સાંકળના અંકોડા : ૨

### પ્રિયદર્શના જમાલિના મતમાં—

સ્થવિરા—પ્રિયદર્શના, તારા સાંભળવામાં આવ્યું કે નહીં ? શ્રમણ ભગવાન્ મહાવીર દેવને અને વિદ્વાન્ મુનિરત્ન જમાલિને એકાદ વાતમાં મતફેર પડ્યો છે.

પ્રિયદર્શના—ગુરુણીશ્રી ! એ વાત મેં ત્રણ દિવસ થયા સાંભળી હતી પણ આજે દર્શન કરી પાછા ફરતાં તે વિષે સંપૂર્ણપણે જાણ્યું. માત્ર સામાન્ય પ્રકારનો નહીં, પણ સૈદ્ધાન્તિક વિષયમાં મતફેર પડ્યો છે. પ્રભુશ્રીના ' क्रियमाणं कृतं ' અર્થાત્ ' કરાતું કાર્ય કરેલું કહેવાય ' એ વચનમાં મુનિશ્રી જમાલિને અશ્રદ્ધા જન્મી અને એ સામે તેમણે કેટલીક દલીલો રજૂ પણ કરી. એ વેળા તેમની સાથે સ્થવિર સાધુઓની સંખ્યા પણ સારી હતી, જેમાંના કેટલાકે ઘણી ઘણી યુક્તિઓ આગળ ધરી ભગવંતના વચનમાં સમાયેલ રહસ્યનું ભાન કરાવવામાં કચાશ ન રાખી પણ વિદ્વાન્ મુનિ જમાલિએ પથરાતા સંથારાની પ્રત્યક્ષ પરિસ્થિતિ પર નજર રાખવાની વાત પર ભાર મૂકી એ સર્વનો વિરોધ ચાલુ રાખ્યો. આમ એ મંડળીમાં ભાગલા પડ્યા. સ્થવિરો તેમનાથી છૂટા પડી શ્રી વીરના સમવસરણ પ્રતિ વિહાર કરી ગયા, જ્યારે જમાલિ મુનિ સ્વશિષ્યના પરિવાર સહિત કૌશામ્બીના પંથે આગળ વધ્યા અને પોતાની માન્યતાનો પ્રચાર કરવા લાગ્યા.

સ્થવિરા—શિષ્યા ! આ મતફેર પરત્વે તારું મંતવ્ય શું છે ?

પ્રિયદર્શના—પૂજ્યશ્રી ! એ વાક્ય ઉપર મેં પણ છેલ્લા કેટલાક કલાકોમાં ઘણી ઘણી વિચારણા ચલાવી અને મારો નિશ્ચયરૂપી ઉંટડો મુનિરાજ જમાલિની પ્રરૂપણા ' કરાતું કાર્ય કહેવાય નહીં 'રૂપી નાવ પર ઢળે છે. પ્રભુશ્રીના વચનો જેવા કે ' क्रियमाणं कृतं ' ' चलमानं चलितं ' ' गलमानं गलितं ' પાછળ સમાયેલ સારનો કંઇ પણ ખ્યાલ પ્રત્યક્ષપણે આવતો નથી, જ્યારે સંથારો પથરાતો હતો, એ કાર્ય ચાલુ હતું, તેને પથરાયેલો ન કહેવારૂપ મુનિશ્રીની દલીલનો તાદૃશ ચિતાર ચક્ષુ સમીપ ખડો થતો હોવાથી એ વાત જચવામાં કંઇ મુશ્કેલી નડતી નથી.

સ્થવિરા—શાણી શિષ્યા ! તું આ શું બોલી રહી છે ? તારી વિદ્વત્તા આજે ક્યાં ચાલી ગઇ છે ? પ્રવર્તિની મૈયા વસુમતીના તારા વિષે ઉચ્ચરાયેલા વચનો હજુ મારા કાનમાં રમ્યા કરે છે–" સુવ્રતા સાધ્વીની શિષ્યા તરંગલોલા માફક તારી આ શિષ્યા પ્રિયદર્શના પણ રત્નસમૂહમાં કોહીનૂર સમ દીપી નીકળશે. "



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજે ત્હેં જે મત રજૂ કર્યો છે એ જોતાં તે જૂઠાં પડતાં જણાય છે. ત્રિકાળજ્ઞાની પ્રભુશ્રીના વચનમાં શંકા જન્મવામાં મને તો જમાલિ મુનિનો પૂર્વભવનો કર્મ-વિપાક ઉદય આવ્યો જણાય છે. અર્હન વચનમાં શંકા કરવાથી સમ્યક્ત્વને દૂષણ લાગે છે. પ્રભુને શું સ્વાર્થ બાકી રહ્યો છે કે એ ખોટા પ્રરૂપણા કરે? ન્યાય કે તર્કની નજરે અતિ ઝીણી બાબત સમા આ વચનો પહેલી તકે આપણા જેવાને ન પણ સમજાય. એનો અર્થ અવધારવા વારંવાર પ્રયાસ સેવવા જોઇએ, પણ એ સામે કલ્પનાના ઘોડા દોડાવી નવો કોઇ વંટોળ ન ઊભો કરવો જોઇએ. કયાં કેવળજ્ઞાની પ્રભુના વચન અને ક્યાં છદ્મસ્થ મુનિ જમાલિની સમજ?

પ્રિયદર્શના—મહારાજ! તમો એમ કેમ વદો છો? પ્રભુવચન ખોટું કહેવાનો આમાં સવાલ જ કયાં? બાકી જે મન કબૂલ ન કરતું હોય તે ગ્રાહ્ય શી રીતે થઇ શકે? સમકિતને દૂષણ પહોંચે તે વાત ખરી પણ મન નાકબૂલ કરતું હોય છતાં ઉપરથી માનવારૂપ ડોળ કરી દંભનું સેવન કરવું શું વ્યાજબી છે?

સ્થવિરા—શિષ્યા! આજે તારી મતિ બહેર મારી ગઇ છે. સંસારીપણાના પિતા, અત્યારના સમયે વિશ્વના સકલ ભાવોને યથાર્થરૂપે જોનાર એવા પરમાત્મા મહાવીર દેવના વચનને અસદ્દહવામાં મને તો જમાલિ પ્રતિ તારો દૃષ્ટિરાગ જ કારણ-રૂપ ભાસે છે. કયાં જમાલિનો ક્ષયોપશમ અને તેના જ્ઞાનની અપૂર્ણતા અને કયાં પ્રભુ શ્રી વીરનું ક્ષાયિક ભાવે પ્રાપ્ત થયેલું અગાધ જ્ઞાન? હજુ સુધી ત્હેં તેમની પાસે જઇ યુક્તિઓનો સાક્ષાત્કાર સરખો કર્યો નથી, તેમ નથી પ્રત્યક્ષપણે સમજવાની કોશિષ કરી; આમ છતાં જમાલિના ચાંદે ચાંદ બતાવવામાં જે ગંભીર સાહસ ખેડી રહી છે એનો કંઇ ખ્યાલ છે? એક તો સૌપ્રથમ ગુરુ-શિષ્ય વચ્ચેનો સંબંધ ધ્યાનમાં લેવો જોઇએ. પોતાની અપૂર્ણતાનો અને સમજાવનાર ગુરુના અનુભવનો તોલ કરવો જોઇએ. નાની મોટી દરેક વસ્તુની સમજ એકદમ રસ્તામાં પડી નથી હોતી. સ્નેહના આકર્ષણ સંયમ જીવનમાં અર્થહીન ગણાય અને એમાં પણ જ્યાં આત્માના ખુલ્લા અહિતનો પ્રશ્ન સામે ડોકિયા કરતો હોય ત્યાં એ પર છીણી મૂકવી ઘટે.

પ્રિયદર્શના—ગુરુણીજી! આપનું કહેવું ગમે તેમ હોય, પણ પૂર્ણ રીતે સમજ્યા વિના હું મારી આ વિષય પરત્વેની માન્યતા ગોપવનાર નથી જ. દુનિયા એમાં મને રાગિણી કહે કિંવા જમાલિ પ્રત્યેના સ્નેહથી તણાયેલી માને એની મને ફિકર નથી, પણ જે વૃત્તાન્ત ઉદ્‌ભવ્યું, જે વાકયનો પ્રત્યક્ષ રીતે વિરોધ નજરે જાણ્યો, એ ઉપર પોતાની પ્રજ્ઞાને કસી નિર્ણય લેનાર જમાલિ મુનિની વાત ફેંકી દેવા જેવી નથી.

પ્રભુના વચનનો જેમ અપલાપ ન કરવો તેમ હાજી હા કરી એ માટે દંભ પણ ન સેવવો. શંકા ઉદ્‌ભવી તે છુપાવવાની જરૂર નથી. સંસારીપણાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમની દીકરી છું. તેમની જ આંખો તળે ઉછરી છું અને તેમની જ શિખામણ એ હતી કે–દરેક વાત પોતાની પ્રજ્ઞારૂપ કસોટીએ કસવી; પછી જ એ ઉપર સત્યની મહોર મારવી. જ્યાં બુદ્ધિ આગળ વધતી અટકી જાય ત્યાં શ્રદ્ધા રાખવાની જરૂર ગણાય. અહીં પતિ કે પિતાના સંબંધને આગળ આણવાની નથી તો અગત્ય કે નથી અગત્ય પતિના પ્રેમ તરફ જોવાની. સાધ્વી જીવનનો અંચળો ઓઢ્યા પછી એમાંનું કંઇ જ ટકતું નથી.

ખૂદ પ્રભુનું વચન છે કે 'પહેલું જ્ઞાન અને પછી ક્રિયા' અર્થાત્ દરેક કરણી સમજપૂર્વક જ કરવી. ગતાનુગતિકપણું જરાપણ કામનું નથી. જમાલિના વચન જેવી સચોટતા પ્રભુશ્રીના વચનમાં મને અનુભવથી જણાશે તો એ સ્વીકારતા હું પાછી પાની નહીં કરું. અત્યારે આ માર્ગે જવામાં મારી ભૂલ પણ થતી હશે. આપ સરખા ગુરુણીશ્રીને એમાં સ્વચ્છંદતા દેખાતી હોવાનો સંભવ છે પણ નમ્રભાવે હું એટલું જણાવું કે મારો અંતરનો અવાજ જે તરફ ઝૂકી રહ્યો છે એ તરફ જવાની મારી ફરજ સમજી હું પગલા માંડી રહી છું. જ્યાં મંતવ્યમાં દિશાફેર છે ત્યાં વિહારની દિશા બદલવી રહી.

સ્થવિર સાધ્વીજીએ પ્રિયદર્શનાને પોતાનાથી જુદી પડતી રોકી નહીં. એમને પોતાના અનુભવથી લાગ્યું કે આ મંતવ્ય પકડનાર પ્રિયદર્શના જરૂર ખોટા માર્ગે જઇ રહી છે. એ વિદ્વાન્ છે છતાં આ વાતમાં ભીંત ભૂલી છે! દલીલમાં જુદું દેખાડતી હોવા છતાં અંતરના ઊંડાણમાં ગાઢ સ્નેહનો આછો તંતુ જોર કરી રહ્યો હોવાથી જ આ ઉતાવળું પગલું લઇ રહી છે. ભવિતવ્યતા બળવાન છે. મેં વડિલ તરીકે યથાશક્ય ફરજ બજાવી છે. યુવાન અને અભ્યાસી આત્માઓને આ કરતાં વધુ કહેવાય પણ શું? જ્ઞાનીએ દીઠું હશે તે થશે. હજાર સખીઓ કે જે પ્રિયદર્શના પ્રતિ એકધારા રાગવાળી હતી અને સાધ્વીઓ થઇ હતી તે સર્વ તેમની સાથે જ રહી. તેમને મન સત્ય કરતાં સ્નેહ પ્રબળ હતો.

× × ×

### આખરે સત્ય તરે છે—

પ્રિયદર્શના—મહાનુભાવ! આ તમારી ભૂમિમાં હું મારી શિષ્યાઓ સહિત ઉતરવા ઇચ્છું છું. તેમાં તમારી અનુમતિ છે ને?

ઢંક શ્રાવક—સાધ્વી મહારાજ! હું વ્યવસાયે કુંભાર છતાં પ્રભુશ્રી મહાવીર દેવના શ્રાવકોમાંનો એક છું. તમો પણ તેમના અનુયાયી છો. તમ સરખા ત્યાગીના પગલા મારી ધરતી પર થાય એમાં મારું અહોભાગ્ય લેખાય. ખુશીથી ઉતરો. વિના વિઘ્ને સ્વાધ્યાયમાં મગ્ન રહો.

પ્રિયદર્શના—ઢંક શ્રાવક! તમોને કદાચ એ ખબર નહીં હોય, હાલમાં હું શ્રી વીર ભગવાનના સમુદાયમાંથી છૂટી પડી છું. મુનિપુંગવ જમાલિએ જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રત્યક્ષ અનુભવથી પ્રભુના વાકયમાં વિરોધ દર્શાવ્યો છે એમાં સત્ય છે એમ માનું છું એટલે તેમની અનુયાયી છું. આ વાત સ્પષ્ટ કરવી સારી. કદાચ સંગતિદોષથી ત્હને હાનિનો સંભવ જણાતો હોય તો હજુ પણ ના પાડી શકે છે. માન્યતામાં દાક્ષિણ્યતાને જરા પણ સ્થાન ન સંભવી શકે.

ઢંક શ્રાવક—સાધ્વી મૈયા! સંગતીદોષનો ભય મને નથી. મારો ધંધો માટીના વાસણ બનાવવાનો. શરૂઆતમાં એ કાચા જ હોય પણ ભઠ્ઠીમાં નાંખી પાકા બનાવીએ ત્યારે જ એ વેચાણ યોગ્ય ગણાય. કાચા પાકા ઘડાના ભેદ મને ન શિખવવા પડે. રોજનો મારો ક્રમ જ કાચા વાસણોને પાકા બનાવવાનો હોવાથી હું જાતે પણ પાકો બની ગયો છું. મારી સમજ તો એક જ પ્રકારની છે અને તે એટલી જ કે ભગવંત મહાવીરના વચનમાં તલભાર ખોટું ન હોય. હું તો માનું છું કે-'એકચિત્ત, નહિ એકની આશ, પગ પગ તે દુનિયાના દાસ.' બહુ ભણેલાને યુકિતઓ સુઝે. હું મ્હારે રસ્તે, તમો તમારે રસ્તે ધર્મધ્યાન કરશો તેટલો લાભ જ કેની? આ સ્થાન ખાલી છે તો ભલેને તમ સરખાના ઉપયોગમાં આવે. એ પણ એક પ્રકારનો પરમાર્થ તો ખરો ને?

આ જાતના વાર્તાલાપ પછી સાધ્વી પ્રિયદર્શના સ્વશિષ્યાઓ સહિત ત્યાં રહી. ઇરિયાવહી પડિક્કમવાની તેમજ અન્ય પ્રકારની ક્રિયામાં સૌ કોઇ લીન બન્યા. ત્યારપછી સાધ્વીસમૂહમાંથી કોઇ ભણવા ગણવામાં, કોઇ પાણી વહોરી લાવી ઠારવામાં, તો કોઇ વસ્ત્ર-પાત્રની *પલેવણમાં કામે લાગ્યા. પ્રિયદર્શના સાધ્વી પણ પોતાના કપડાંની પલેવણમાં પડી ગયા.

આ તકનો લાભ શ્રાવકવર ઢંકે ઝડપી લીધો. નિંભાડામાંથી એક અંગારો જાણી જોઇને સાધ્વીજીના ઓઢવાના કપડા પર ઉડાડયો. પલેવીને મૂકતાં વિલંબ નથી થયો એવું તે કપડું બળવા લાગ્યું. વસ્ત્ર બળવાનો ગંધ આવતાં અને હાથમાં રહેલા વસ્ત્રને ઝડપથી પલેવી જ્યાં આમ તેમ નજર કરતાં પ્રિયદર્શના મૂકવા જાય છે ત્યાં તો મૂકેલા કપડાને બળતું દીઠું. સામે ઢંકને નિંભાડામાંથી અંગારા કાઢતો જોયો. એ જોતાં જ તેઓ સહસા પોકારી ઉઠયા-અરર ઢંઢ! તેં મારો ઓઢવાનો કપડો બાળી નાખ્યો. ઢંક તરત જ ત્યાં દોડી આવ્યો અને નમ્રતાથી કહેવા લાગ્યો-પૂજ્ય સાધ્વીમહારાજ! કપડો બાળી નાંખ્યો એમ કહેવામાં આપ મૃષાવાદ સેવી રહ્યા છો. કપડો હજુ તો બળી રહ્યો છે. મુનિ જમાલિના વચન પ્રમાણે-પ્રરૂપણા મુજબ બળતાને બળ્યું કે બળી ગયેલું ન કહેવાય. બળતાને બળ્યું કહેવાનો વ્યવહાર માર્ગ તો ભગવંત મહાવીરે દર્શાવેલો છે પણ એ સામે તો તમો ઉભયે બળવા પોકાર્યો છે!

આ સામાન્ય બનાવે સાધ્વી પ્રિયદર્શનાના જ્ઞાનચક્ષુઓ ખોલી નાંખ્યા. અંતરના ઊંડાણમાં રેશમના દોરા સમ રમતો જમાલિ પ્રત્યેનો સ્નેહ અને એના

* પડિલેહણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોરે પ્રત્યક્ષ અનુભવના નામે કરેલું ચણતર આપોઆપ ધરાશાયી થઇ ગયાં! ઢંક શ્રાવકના માર્મિક જવાબમાં વીંટાયેલું રહસ્ય ઊડીને આંખે વળગ્યું. મન ઘડીભર વિચારના ઘેરા મંથનમાં ગુંચાયું. કપડો બળ્યો એ તો ઉઘાડું સત્ય છે. વળી તે એવી રીતે બળ્યો છે કે એનો ઓઢવામાં ઉપયોગ સંભવિત નથી. જો કે એ હજુ બળી રહ્યો છે અને આખેઆખો નથી બળી ગયો છતાં એ સંબંધમાં જે ક્રિયા ભજવાઇ ચૂકી છે તે એટલી હદે પૂર્ણ છે કે એનું તોલન કરતાં ભગવંતના વચનપ્રયોગ જ વાસ્તવિક જણાય છે.

જ્વરથી વિવશ બની જમાલિ મુનિએ એ સામે પ્રગટાવેલો વિરોધ ટકી શકે તેવો નથી. સંથારો જેટલા પ્રદેશમાં પથરાવાનો હતો એ પથરાયેલો જોઇ, માત્ર એ ઉપર પાથરવાના એકાદ બે વસ્ત્રો બાકી રહેલા નિરખી, ક્રિયા ચાલુ છે એટલે પૂરી થશે, એમ અવધારી મુનિઓએ પ્રશ્નના જવાબમાં સંથારો પથરાયો છે એમ કહેવામાં વહેવારુ ભાષા જ વાપરી છે. તાવથી અકળાયેલા–આરામ મેળવવાના ઇરાદાથી દોડી આવેલા મુનિ જમાલિને માત્ર એકાદ વસ્ત્ર પથરાતું જોઇ જે તુક્કો ઉદ્ભવ્યો અને એમાં સર્વજ્ઞ ભગવંત મહાવીર દેવનું કથન ખોટું ભાસ્યું! આજનો અને એ ઉભય બનાવ બુદ્ધિરૂપ કાંટે ચઢાવતાં ઢંકનો મર્મપ્રહાર ઉચિત લાગે છે. કપડો બાળીને એ મહાભાગે મને રસ્તે આણી છે, મારો કપડો જ મારી ચક્ષુ સામે જીવતાં જાગતાં પુરાવા સમ બોલી રહ્યો છે–'**કરાતું કાર્ય કરેલું કહેવાય.**'

વિદ્વાન્‌ને સમજતાં વિલંબ ન થાય તેથી જ જ્ઞાનને સર્વશ્રેષ્ઠ લેખવામાં આવ્યું છે. 'લોકાલોકપ્રકાશકર' જેવું અદ્વિતીય વિશેષણ અપાયેલ છે. સમજુ તો તે જ કે ભૂલ્યો ત્યાંથી ફરીથી ગણવા માંડે. ભૂલ જોતાં જ એને સ્વીકારી લે. વિતંડાવાદમાં ઉતરનાર કે કદાગ્રહથી પકડ્યું ન છોડનાર સાચો જ્ઞાની ન જ સંભવે.

પ્રિયદર્શના સત્યપારખુ હતા. તરત જ શ્રાવક ઢંકના તરફ મીટ માંડી બોલ્યા.

શ્રાવકપુંગવ! તને ધન્ય છે. તેં મારો ભ્રમ નિવાર્યો, મારી ભૂલ સુધારી અને ધર્મમાર્ગથી પતિત થતી બચાવી લીધી. મારા મૃષા વચન માટે હું હાર્દિક ઉમળકાથી મિથ્યા દુષ્કૃત દઉં છું.

એની શુદ્ધિ અર્થે સત્વર ગુરુણીશ્રી પાસે અને ત્યાંથી ભગવંતની સમિપ વિહરવાના સપથ લઉં છું. તારા સરખા તત્ત્વજ્ઞ શ્રાવકોનો જેમને પરિવાર છે એવા ભગવંત મહાવીરના શાસનનો અખિલ વિશ્વમાં વિજય થાય અને એ સામે રાતી આંખ કરનાર ગોશાલક કે જમાલિ જેવાના હાથ હેઠા પડે એમાં કંઇ જ નવાઇ નથી. સત્યનો જય ત્રિકાળાબાધિત છે.

સાધ્વી પ્રિયદર્શના પોતાના પરિવાર સહિત સત્વર વિહાર કરી ગુરુણી ભેગા થયા અને સ્ખલના અંગે પ્રાયશ્ચિત્ત લીધું. એમની વિદ્વત્તાએ સંખ્યાબંધ નારીઓના અંતર અજવાળ્યા. ગણધરમુખ્ય શ્રી ગૌતમ જેવી સરલતાએ ચોતરફ અતિશય સુવાસ પાથરી દીધી.

ભૂરિ ભૂરિ વંદન હો, એ યશોદાતનયા સાધ્વી પ્રિયદર્શનાને!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પશુતા, માનવતા અને દેવતા.

( લેખક—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ—માલેગામ. )

દરેક પ્રાણીમાં પશુતા, માનવતા અને દેવપણાના ગુણો હોય છે. અને જે પ્રમાણમાં તેનો વિકાસ કે સંકોચ થાય છે તે પ્રમાણમાં તેની મહત્તા વધે અગર ઘટે છે. મનુષ્ય પ્રાણીમાં પશુતાનો સર્વથા નાશ તો થએલો હોતો જ નથી. એટલું જ નહીં પણ ઘણા મનુષ્યનો દેહ ધારણ કરનારા પ્રાણીઓ પોતામાં રહેલ પશુતા વિશેષ રૂપમાં પ્રગટ કરતા જણાય છે. પશુતા ઓછી કરવાના પ્રસંગો મનુષ્ય આગળ હાજર હોય છે. એટલું જ નહીં પણ જાણે તેને પશુતા ઓછી કરવા માટે ખાસ પ્રસંગો યોજવામાં આવેલા હોય છે તે પ્રસંગોનો તે લાભ લે તો તેમાં રહેલ પશુતાનો અંશ ઓછો થઇ જાય અને અંશતઃ જાણ્યે કે અજાણ્યે તેના ઉપર માનવતાની સવિશેષ અસર પડતી જાય છે પણ પ્રસંગવશાત્ કેટલાએક જ્ઞાની કહેવાતા મનુષ્યોમાં તે પશુતા એટલા ઉગ્ર રૂપમાં પ્રગટી નીકળે છે કે એ પ્રાણી મનુષ્યના રૂપમાં પશુપણે જ જોવામાં આવે છે. એવા મનુષ્યથી જ્ઞાન પણ વગોવાય છે. **સાક્ષરાઃ** ઉલટા થઇ જાય છે ત્યારે તે **રાક્ષસાઃ** થઇ જાય છે. પોતાને મળેલ જ્ઞાનનો ઉપયોગ ઉલટી રીતે કરવાને લીધે તે રાક્ષસ થઇ જાય છે. માનવ પાસેથી બીજા કોઇ પણ પ્રાણીને આશ્વાસન મેળવવાનો હક છે, કારણ માનવ એ જ્ઞાનપ્રધાન પ્રાણી છે. તેને બદલે તે મનુષ્ય બીજાઓની શાંતિભંગ કરી તેને પીડા આપવામાં તત્પર બને છે, ત્યારે જ તેમાં પશુતા છલકાઇ આવેલી જોવામાં આવે છે. જ્યારે જ્ઞાની છતાં લોકક્ષોભ જાગે એવી પ્રરૂપણા કરે છે, એના પરિણામોનું એને ભાન હોય છે છતાં તેવા પ્રસંગે તે કેટલું અકાર્ય કરી સામાન્ય જનતાનો બુદ્ધિભેદ કરે છે તેનો તે વિચાર સરખો પણ કરતો નથી. એવા પ્રસંગે તેનામાં પશુતા સવિશેષપણે જાગૃત થયેલી હોય છે અને એ સુપાત્ર છતાં કુપાત્ર જેવો વેષ ભજવે છે.

દરેક મનુષ્યે પોતામાં રહેલ કામ, ક્રોધ, મોહ, અહંભાવ વિગેરે વિનાશક ગુણોને જાણી લેવા જોઇએ. એ વિકારોને નહીં ઓળખવાથી તે વિકારો પ્રબલ થતા જાય છે અને મનુષ્યમાં રહેલા માનવતાના ગુણો ઓછા થતા જાય છે. એટલે જ તે મનુષ્ય માનવ મટી પશુ થતો જાય છે. પોતાના માનવસુલભ સદ્ગુણો તે ભૂલતો જાય છે અને એક દૃષ્ટિથી તે આંધળો થતો જાય છે. જ્યારે તે આંધળો જ થઇ જાય ત્યારે તેને પોતા પાસે રહેલી સદ્ગુણ સમૃદ્ધિ દેખાતી જ નથી. તે માટે જ એક કવિ કહે છે કે—

दिवा पश्यति नोलूकः, काको नक्तं न पश्यति ।
अपूर्वः कोऽपि कामांधो दिवा नक्तं न पश्यति ॥

ઘૂવડને દિવસે દેખાતું નથી અને કાગડાને રાતના દેખાતું નથી પણ કામાંધ માણસ એવો થઇ જાય છે કે, તેને દિવસના કે રાતના ક્યારે પણ દેખાતું જ નથી. મતલબ કે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે તદ્દન આંધળો જ બની જાય છે. પોતાની માનવતાસુલભ એવી લજ્જા તેનાથી દૂર જાય છે. તે ગમે તેવું અકાર્ય કરવામાં શરમાતો જ નથી. અર્થાત્ તે માનવ મટી પશુ જ થઇ જાય છે. અરે પશુથી પણ નીચે કોટીમાં જઇ ઊભો રહી જાય છે. જગતની આંખો ઉપર પાટો બાંધવા જતા તે પોતાની આંખે જ પાટો બાંધી બેસે છે. એવા મનુષ્યને પશુ કહેવું તેથી પણ પશુની જ નિંદા થઇ જાય.

કોઇ સામાન્ય મનુષ્ય એકાદ પદાર્થ નહી ખાવાની કે અમુક નિયમ આચરવાની પ્રતિજ્ઞા કરે છે પણ પ્રસંગ પડે તે પ્રતિજ્ઞાનો ભંગ કરવા તે તત્પર બને છે ત્યારે સમજી લેવાનું કે, તેનામાં પશુતા જાગૃત થઇ છે. કોઇ દરદી રોગમુક્ત થવા માટે પથ્ય પાળવાનો નિર્ણય કરી લે છે પણ પાળતી વખતે તે કાયર બની જાય છે. કોઇ યુવાન વ્યસન તજવા નિશ્ચય કરે પણ પ્રિય મિત્રોના ટોળામાં જતા તેના મનમાં પશુતા સંચાર કરે છે અને પોતાના નિશ્ચય પાશેથી ચલિત થાય છે. આ તો અજ્ઞાન બુદ્ધિના માણસની વાત થઇ પણ સુજ્ઞ અને પંડિત કહેવાતા મહાનુભાવો પોતે જ્ઞાનપૂર્વક ઠરાવ કરે, તે ઠરાવ માટે ગૌરવ મેળવી લ્યે ને પછી પોતાના સહચરો સાથે બેસે ત્યારે પોતાની ઉતાવળ જોવામાં આવે, હું મારા મિત્રો સામે હાસ્યપાત્ર બનું છું એમ જુવે ત્યારે તે પોતાની માનવતા ભૂલી સત્યનો એકરાર કરતા અટકી જાય અને નવા નવા કારણો અને યુક્તિઓ શોધવા પોતાની બુદ્ધિનો ઉપયોગ કરે અને પોતાના દોષનું તેને પૂરેપૂરું ભાન છતાં તે કુમાર્ગે પ્રવૃત્તિ આદરી દે છે ત્યારે નક્કી સમજવું છે કે તે મહાનુભાવમાં પશુતાએ સંચાર કરેલો છે. પોતાની ભૂલનો એકરાર કરવાનું ટાળવા માટે તે અનેક યુક્તિઓ યોજે એ કેટલી પશુતા ? પોતાની ભૂલ કબૂલ કરવાનું ઉદારપણું તે દાખવે તો તે માનવતાથી પણ આગળ વધી દેવપણાના ગુણો પોતામાં પ્રગટ કરી શકે પણ પોતાની માનવતાની નબળાઇ ઢાંકવા માટે તે પશુતાને પોતામાં પ્રવેશવાનો અવકાશ આપે છે, એ જ ખેદનો વિષય છે. હું મારો અપરાધ ખુલ્લી રીતે કબૂલ કરું તો માનહાનિ થશે, હું નિંદાપાત્ર ગણાઇશ, લોકો મને તુચ્છ ગણશે, હું વગોવાઇશ એવી ખોટી કલ્પનાને વશ થઇ તે પશુતા પાછળ દોડે છે અને આત્મિક ઉન્નતિના ચક્રમાં તે ગોથાં ખાઇ પોતાની પ્રગતિનો માર્ગ આકરો કરી મૂકે છે.

જ્ઞાની મનુષ્યો જેઓ દેવ થવાના અને તેથી પણ આગળ વધવાના માર્ગમાં હોય છે તેઓ પોતાની ભૂલનો એકરાર કરવામાં જરા પણ અચકાતા નથી. પણ ઊલટા તે ભૂલને પ્રસિદ્ધિ આપી પોતામાં રહેલ પશુતાનો અંશ ખંખેરી નાંખે છે. આમ પોતાની ભૂલો જોનાર અને તપાસનાર જ સંત કોટીમાં જઇ બેસે છે. પોતાની ભૂલ જોતા શરમ આવે એ ઠીક પણ તે ભૂલ કબૂલ કરતા જનતામાં છાપ પડે છે તેની ઉજ્જવલતા ખરેખર અત્યંત પ્રશંસનીય થઇ પડે છે. પ્રભુ મહાવીર પાસે ઇંદ્રભૂતિ પોતાને સર્વજ્ઞ સમજીને આવે છે પણ પોતાની ભૂલ જણાતા તે તરત જ નત મસ્તક થઇ તેટલી જ દૃઢતાથી પોતાનું અજ્ઞાન કબૂલ કરે છે, તેથી કાંઇ ઇંદ્રભૂતિની નિંદા થતી નથી, પણ ઊલટા તે માનવકોટીની આગળ વધી જીવન્મુક્ત દશા અનુભવતા સકલ માનવજાતને વંદનીય થાય છે. એ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવા દાખલાઓ ધ્યાનમાં રાખવા જેવા છે. પોતામાં રહેલ પશુતા જોતા શીખવું એ અત્યંત હૃદયંગમ વિષય છે. પ્રથમ જરા કડવાશ જેવો ભાસ થાય પણ અંતે તે અમૃત તુલ્ય ગુણ કરનાર નીવડે છે એ સમજાઇ જાય તો જગતમાંથી ઘણી કડવાશ અને પશુતા નષ્ટ થઇ જાય. પણ વસ્તુસ્થિતિ અત્યંત કઠોર અને આકરી છે. પોતાના અમુક વિધાન માટે હજારો નહીં પણ લાખો મનુષ્યોનું જીવન બગડી જાય, તેમની ઉત્ક્રાંતિના માર્ગમાં અનેક આડખીલીઓ આવી ઊભી રહે તેની તે જરાએ પરવા ન કરે ત્યારે તે પશુતા નહીં તો બીજું શું ?

પોતે કોણ છે? પોતામાં પશુતાનો ભાગ વધુ છે કે માનવતાનો એનો વિચાર દરેક વ્યક્તિએ કરી લેવો જોઇએ. આત્માની સાથે એકાંતમાં વિચાર કરતા કાંઇ માનહાનિ થઇ જવાની નથી. એ તો આત્મનિરીક્ષણ, સિંહાવલોકન કે એક જાતનું સાચું પ્રતિક્રમણ છે. એ પ્રતિક્રમણ કાંઇ રૂઢીગત કે પોપટવાણી ન કહેવાય. એ તો રૂઢ પ્રતિક્રમણનું હાર્દ છે. એમાં તો અમૃતરસ છે. એનું ખરૂં મહત્ત્વ સમજાય અને અનુભવાય તો આત્માને મોટો ગુણ કરે.

જ્ઞાની ગુરુઓએ એ પશુતા દૂર કરી માનવતા પ્રગટાવી દેવતુલ્ય મનુષ્ય થાય એવા અત્યંત પવિત્ર હેતુથી જ અનેક અનુષ્ઠાનો, અનેક ક્રિયાકાંડો, અનેક પ્રતિજ્ઞાઓ અનેક વ્રતો યોજી ગમે તેવી રીતે મનુષ્ય પશુતામાંથી મુક્ત થઇ સાચો માનવ બને અને તે દેવ તુલ્ય યોગ્યતા મેળવી સાચા રૂપમાં મુક્ત થાય એની કાળજી રાખવી છે પણ આપણે તેવી ક્રિયાઓ વિગેરે કરીને પણ ઇર્ષા, રાગ, દ્વેષ, અહંકાર, મમત્વ વિગેરે દુર્ગુણોને તેની સાથે ભેળવી તેની મૌલિકતા ઓછી કરીએ છીએ. જાણે પશુતા જાળવવા માટે જ આપણે પ્રયત્ન કરતા હોઇએ એવી સ્થિતિ પ્રગટ થાય છે. એ જ ખેદનો વિષય છે. આપણે આશા રાખીએ અને જગદીશ્વર પાસે પ્રાર્થના કરીએ કે-બધી માનવ જાતિમાં જલદી પશુતા જતી રહે, બધા સુખી જીવન જીવી આત્માની સાથે જ પરમાત્માને ઓળખતા થઇ જાય.

***

કુસંપ મૂળ કંકાસનું, મૂળ મૂડી પણ જાય;
કુળનું મૂળ કાઢે દહી, દુઃખ દાવાનળ થાય.
ભણતરથી ભાંગે નહીં, ભૂખ તરશનાં ભોગ;
દિલગીરી થાયે દશ ગણી, જો ન સૂઝે ઉદ્યોગ.
આળસમાં દુઃખ અતિ ઘણા, ભર્યાં રહે ભરપૂર;
તે માટે સજ્જન તમે, કરો આળસને દૂર.
આળસ તજી ઉદ્યમ કરો, ચિત્તમાં કરો વિચાર;
સુખી થશો તેથી સદા, નહીં તો થશો ખુવાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા.

લેખક—ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M. B. B. S.

( પૃષ્ઠ ૨૧૯ થી ચાલુ )

## આવો અખેદ ક્યારે ઉપજે ?—

પ્રભુભક્તિમાં આવો અખેદ ભાવ ક્યારે ઉપજે ? અચિન્ત્ય ચિંતામણિ સમો પ્રભુનો અને પ્રભુભક્તિનો મહિમા જ્યારે હૃદયમાં વસે ત્યારે; સુરઘટ, સુરમણિ, સુરતરુ પ્રભુના પરમ મહિમા આગળ તુચ્છ-પામર જાણે ત્યારે; પ્રભુના ગુણ-મકરંદના પાનમાં લીન થયેલો મન-મધુકર સુવર્ણમય મેરુને અને ઈંદ્ર, ચંદ્ર, નાગેંદ્રાદિને પણ પરમ શ્રીમાન્ પ્રભુ પાસે રંક ગણે ત્યારે; પરમૈશ્વર્યસંપન્ન પ્રભુની ગુણસંપદા આગળ જ્યારે સુરપતિ–નરપતિ સંપદા દુર્ગંધી કદન્નરૂપ ભાસે ત્યારે. આમ થાય ત્યારે જ જિનભક્તિમાં અથાક એવો સાચો અપૂર્વ રંગ લાગે.

> " નાથ ભક્તિ રસ ભાવથી રે....મનમોહના રે લાલ.
> તૃણ જાણું પર દેવ........રે ભવિબોહના રે લાલ.
> ચિંતામણિ સુરતરુથકી રે....મન૦
> અધિકી અરિહંત સેવ....રે ભવિ૦ "

> " કરો સાચા રંગ જિનેશ્વરુ, સંસાર વિરંગ સહુ અન્ન રે;
> સુરપતિ નરપતિ સંપદા, તે તો દુરગંધી કદન્ન રે....કરો સાચા. "
>
> —શ્રી દેવચંદ્રજી

> " મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ;
> રંક ગણે મંદરધરા રે, ઇંદ્ર ચંદ્ર નાગેંદ્ર....
> વિમલ જિન દીઠા લોયણ આજ. " —શ્રી આનંદઘનજી.

વળી જ્યારે સંસારાર્થ પરપ્રવૃત્તિમાં જીવ ખેદ પામે, ત્યારે જ આ મોક્ષાર્થ ભક્તિપ્રવૃત્તિમાં અખેદ ઉપજે. જ્યાંસુધી પરપ્રવૃત્તિમાં અખેદ હોય, ત્યાંસુધી ભક્તિ આદિ આત્મપ્રવૃત્તિમાં અખેદ ઉપજે નહિં. ' ભવે ખેદ ' થાય ત્યારે ' શિવે અખેદ ' થાય, ત્યારે જ આત્મપ્રવૃત્તિમાં* અતિજાગરૂક અને પરપ્રવૃત્તિ-

---

* " आत्मप्रवृत्तावति जागरुकः, परप्रवृत्तौ बधिरान्धमूकः । "
શ્રી યશોવિજયજીકૃત અધ્યાત્મોપનિષદ્.

" કામ એક આત્માર્થનું, બીજો નહિં મનરોગ. "
—શ્રીમદ્ રાજચંદ્રજીકૃત આત્મસિદ્ધિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં 'બધિરાંધમૂક'-બ્હેરો, આંધળો ને મૂંગો બને. ભવાભિનંદીપણું ત્યજી 'માત્ર મોક્ષ અભિલાષ'રૂપ મુમુક્ષુપણું ભજે ત્યારે જ આવો અખેદ ઉપજે. પર સાથેની અનંતી પ્રીતિ તોડે તે જ પ્રભુની સાથે પ્રીતિ જોડે.

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ.
દશા ન એવી જ્યાં લગી, જીવ લહે નહિં જોગ;
મોક્ષ માર્ગ પામે નહિં, મટે ન અંતર રોગ."

—શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત શ્રી આત્મસિદ્ધિ

"પ્રીતિ અનંતી પર થકી, જે તોડે તે જોડે એહ;
પરમ પુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણગેહ.
...ઋષભ જિણંદશું પ્રીતડી." —શ્રી દેવચંદ્રજી

**ખેદાદિ આઠ ચિત્ત દોષ—**

આ '**ખેદ**' જીવની આધ્યાત્મિક પ્રગતિ રુંધનારા આઠ ચિત્તદોષ-આશય દોષ મધ્યે પ્રથમ દોષ છે. (૧) ખેદ, (૨) ઉદ્વેગ, (૩) ક્ષેપ, (૪) ઉત્થાન, (૫) ભ્રાંતિ, (૬) અન્યમુદ્, (૭) રુગ્, (૮) આસંગ—આ આઠ ચિત્તદોષ છે. તે તે દોષને લીધે જીવ પ્રભુ-ભક્તિ-ધ્યાનાદિમાં વિઘ્ન પામે છે. જેમ જેમ તે દોષ ટળે છે, તેમ તેમ ભક્તિ-ધ્યાનાદિ નિર્મલ થતા જાય છે, કારણ કે યોગની સિદ્ધિમાં મનના જયની જરૂર છે, ને મનોજયમાં આ આઠ દોષ નડે છે. આ દોષથી મુક્ત આશયને-ચિત્તના દુષ્ટ અધ્યવસાયને જ્યારે છોડી દીએ, ત્યારે અનુક્રમે તે તે યોગદૃષ્ટિની પ્રાપ્તિ હોય છે; પહેલો **ખેદ** દોષ છોડતાં પહેલી **મિત્રાદૃષ્ટિ** હોય છે, બીજો **ઉદ્વેગ** દોષ છોડતાં બીજી **તારા** દૃષ્ટિ હોય છે, ઇત્યાદિ માટે આ આઠ ચિત્તદોષ મતિમાન્ આત્માર્થી પુરુષે પ્રયત્નથી વર્જવા જોઇએ. એનું વિશેષ સ્વરૂપ શ્રી **યોગદૃષ્ટિસમુચ્ચય** આદિ ગ્રંથાંતરથી સમજવા યોગ્ય છે, છતાં અત્રે 'ખેદ' દોષનો પૂર્વાપર સંબંધ-સંકલના સમજવા સંક્ષેપે વિચારીએ તો—

સન્માર્ગરૂપ યોગમાર્ગની સાધનામાં ચિત્તને પ્રથમ **ખેદ** ઉપજે, થાક લાગે, દૃઢતા ન રહે; એટલે તેમાં **ઉદ્વેગ** ઉપજે-અણગમો આવે, વેઠીઆની જેમ પરાણે કરે; એથી કરીને ચિત્ત **વિક્ષેપ** થાય, ડામાડોળ વૃત્તિ ઉપજે, મન બીજે બીજે દોડ્યા કરે; એટલે ચાલુ ક્રિયામાંથી મન ઊઠી જાય, **ઉત્થાન** થાય, ને ચારે કોર ભમ્યા કરે, **ભ્રાંતિ** ઉપજે; એમ ભમતાં ભમતાં કોઇ અન્ય સ્થળે તેને હર્ષ પ્રીતિ જન્મ આવે-**અન્યમુદ્** થાય; એટલે શુદ્ધ ક્રિયાનો ઉચ્છેદ થાય, પીડારૂપ-ભંગરૂપ **રોગ** લાગુ પડે, ક્રિયા માંદી પડે, ને તે અમુક સ્થળે **આસંગ**-આસક્તિ ઉપજે, 'અહેડી દ્વારકા' જ થઇ જાય! આમ આ આઠ આશય-દોષની પૂર્વાપર સંબંધરૂપ સંકલના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘટાવી શકાય છે. તે દોષ જેમ જેમ છોડાય, તેમ તેમ અનુક્રમે આઠ યોગદષ્ટિરૂપ આત્મગુણનો આવિર્ભાવ થતો જાય છે, પ્રગટપણું થતું જાય છે.

અથવા પ્રકારાંતરે અધ્યાત્મ પરિભાષામાં આ દોષ ઘટાવીએ તો (૧) આત્મતત્ત્વની સાધનામાં જીવની દઢતા ન રહે, **ખેદ** ઉપજે, (૨) તે સાધનામાં **ઉદ્વેગ**-અણગમો આવે, (૩) એટલે ચિત્ત **વિક્ષેપ** પામી પરવસ્તુમાં-પરભાવમાં દોડ્યા કરે, ઉધામા નાંખે, (૪) અને આત્મભાવમાંથી ઊઠી જાય-**ઉત્થાન** પામે, (૫) એટલે પછી **ભ્રાંતિ**-વિપર્યાસ પામી ચારે કોર પરભાવમાં ભમ્યા કરે, (૬) ને એમ કરતાં તેમાં આનંદ પામે-રમણતા અનુભવે, **અન્યમુદ્** ધારે, (૭) એટલે રાગ-દ્વેષ-મોહરૂપ ત્રિદોષ સન્નિપાત (**રોગ**) લાગુ પડે, (૮) અને પરવસ્તુમાં-પરભાવમાં **આસંગ**-આસક્તિ ઉપજે. ઇત્યાદિ પ્રકારે આની યથામતિ ઘટના કરી શકાય છે. અને આ દોષ દૂર થવાનો ક્રમ પણ પરસ્પર સંકળાયેલો છે, તે આ પ્રમાણે:—

(૧) ધર્મક્રિયામાં પ્રથમ તો મનની દઢતા રહે, ખેદ ન થાય, (૨) તો ઉદ્વેગ-અણગમો ન ઉપજે, વેઠરૂપ ન લાગે; (૩) એટલે વિક્ષેપ ન ઉપજે, (૪) અને ચિત્ત તેમાંથી ઊઠી ન જાય, (૫) એટલે ચારે કોર ભમે નહિં, (૬) અને અન્ય સ્થળે આનંદનો પ્રસંગ બને નહિ, (૭) એટલે પછી ક્રિયાને રોગ લાગુ પડે નહિં, (૮) અને અમુક સ્થળે આસક્તિ-આસંગ પણ ઉપજે નહિં.

**સૌથી પ્રથમ ખેદ જવો જોઇએ—**

આ ઉપરથી સહેજે સમજી શકાય છે કે સૌથી પ્રથમ 'ખેદ' નામનો આશયદોષ દૂર થવો જોઇએ. તે દૂર થયા વિના યોગમાર્ગની પ્રથમ ભૂમિકા પણ પ્રાપ્ત થતી નથી, મોક્ષમાર્ગે એકડો પણ મંડાતો નથી, આત્મગુણના આવિર્ભાવરૂપ ગુણસ્થાનવિકાસનું પ્રથમ પગથિયું પણ સ્પર્શાતું નથી. એ દોષ દૂર થાય તો જ બીજા પછીના દોષ દૂર થઇ આગળ પ્રગતિ થઇ શકે છે, કારણ કે ખેદને લીધે પ્રભુભક્તિ આદિ ધર્મક્રિયામાં મનની દઢતા રહેતી નથી, એકાગ્રપણું-પ્રણિધાનપણું રહેતું નથી, અને આ જે દઢતા છે તે તો ધર્મનો મુખ્ય-પ્રધાન હેતુ છે,-જેમ પાણી કૃષિમાં મુખ્ય-પ્રધાન હેતુ છે તેમ.

"ક્રિરિયામાં ખેદ કરી રે, દઢતા મનની નાંહિ રે;
મુખ્ય હેતુ તે ધર્મનો રે, જેમ પાણી કૃષિમાંહિ રે...
પ્રભુ તુજ વાણી મીઠડી રે."

**—શ્રી યશોવિજયજીકૃત સાડાત્રણ સો ગાથાનું સ્તવન.**

એટલા માટે જ જીવની આધ્યાત્મિક ગુણપ્રકાશરૂપ પ્રગતિ અર્થે આ દોષ સૌથી પ્રથમ દૂર કરવો આવશ્યક-જરૂરનો હોવાથી શ્રી **આનંદઘનજીએ** આ ખેદ દોષ દૂર કરી, અર્થાત્ અખેદપણું પ્રાપ્ત કરી, પ્રભુસેવામાં અથાકપણે પ્રવૃત્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા, દૃઢતાથી 'રઢ લગાડીને મંડી' પડવા, સર્વ ભક્ત જોગીજનોને સપ્રેમ આહ્વાન કર્યું છે.

**અભય અદ્વેષ અખેદ થાઓ—**

આમ ઉપરમાં જે આ ભય, દ્વેષ ને ખેદ એ ત્રણ દોષની વ્યાખ્યા કરવામાં આવી, તે ત્રણે દોષ અબોધરૂપ–અજ્ઞાનરૂપ છે. **'દોષ અબોધ લખાવ,'** 'અબોધમાં તેનું લેખું છે–ગણના છે, કારણ કે ભય–પરિણામની ચંચળતા થવી, દ્વેષ–મત્સરભાવ ઉપજવો, ખેદ–સતપ્રવૃત્તિ કરતાં થાકવું,–એ બધું ય અબોધને–અણસમજણને લઇને થાય છે, માટે અજ્ઞાનજન્ય આ 'ત્રિદોષ'નો ત્યાગ કરી, અર્થાત્ પરિણામની ચંચળતા છોડી, અરોચક ભાવ ત્યાગી, સત્સેવા કાર્યમાં અથાક દૃઢતા ધારી, **અભય, અદ્વેષ** અને **અખેદ** બની, પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા કરી તમે આ **સંભવ**-દેવને ધુરે–સૌથી પ્રથમ સેવો, એમ શ્રી **આનંદઘનજી**એ એમ સર્વ આત્મબંધુઓને પરમ પ્રેમથી આમંત્રણ કર્યું છે. ( અપૂર્ણ )

# યોગીનો સંદેશો.

( શ્રી અરવિંદ ઘોષના જુલાઇ ૧૯૪૮ના તાજેતરના અંગ્રેજી સંદેશ ઉપરથી )

હાલની વસ્તુસ્થિતિ માટે શોક દર્શાવતા પત્રકારોને જવાબ આપતાં મને ભાન લાગે છે કે–હું તેઓને ઉત્સાહમયું આશ્વાસન આપી શકીશ નહિ. હાલની વસ્તુસ્થિતિ ખરાબ છે, વધારે ખરાબ થતી જાય છે, અને સંભવિત છે કે વધારે અને વધારે ખરાબમાં ખરાબ બને. હાલના આકુલવ્યાકુલ જગતમાં અમુક શું ન બને તે માનવું કઠીન છે. માણસોએ એટલું સમજવું જોઇએ કે જો નૂતન સારું જગત સર્જવાનું હોય તો અમુક અનિષ્ટ ઘટનાઓ થવી અનિવાર્ય છે, જેનો સામનો કરી નીકલ કરવો જોઇએ. આવી ઘટનાઓ નવ વાતાવરણના નીકલ માટે ભૂલવી ગમી શકે નહિ. રોગમાં જેમ મમુક્ષિત અને સત્તામાં રહેલ જીવનના અનિષ્ટ તત્ત્વોને પ્રકાશમાં લાવવા જોઇએ, જેથી તેમનો સામનો થઇ શકે, અને ક્ષય થઇ શકે, વળી જીવનના ઊંડાણમાં રહેલ અનિષ્ટોને પણ શુદ્ધિ માટે બહાર લાવી શુદ્ધ કરવા જોઇએ, તેમ વ્યવહાર સમાજજગતમાં પણ અનિષ્ટો એકસાથે સામટા ઊભા થાય તેનો સામનો કરી નીકલ શોધવો જોઇએ. સમજુ માણસોએ એક વાત ભૂલવી ન જોઇએ કે સૂર્યોદય પહેલાંની રાત ઘણું અંધકારમય હોય છે, તેમ તેવા અંધારા પછી સૂર્યોદય અવશ્ય થવાનો છે. એક વાત યાદ રાખવી કે જે નૂતન જગત સર્જવાનું છે તે હાલના જગતના ઘાટનું કે તેના ઘાટ જેવું નહિ હોય. વળી આ જગત્ હાલના સાધનોથી નહિ પણ બીજા સાધનો, બહારના નહિ પણ આંતરિક સાધનોદ્વારા આવશે, માટે બહારની જગતમાં બનતી શોકમય પરિસ્થિતિની ચિંતામાં વ્યાકુલિત ન રહેતા આંતરશુદ્ધિનો વિકાસ કરવા યત્ન કરો, જેથી નૂતન જગત જે સ્વરૂપમાં આવે તેને વધાવી લેવા તૈયાર રહેવાય. **શ્રી જીવરાજભાઇ ઓધવજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "कुलक" संज्ञक जैन रचनाएं

( लेखक—अगरचंद नाहटा )

( गतांक पृष्ठ २०२ से चालु )

( ५ ) ऋषभदेव केशरीमल की पेढी, रतलाम से प्रकाशित प्रकरणसमुच्चय में

| | |
|---|---|
| १ देहकुलक गा. २३ | ६ आत्मानुशासन गा. ५६ राजसिंह |
| २ सामान्यगुणोपदेश कुलक गा. २८ मुनिचंद्र | ७ आत्महितचिंताकुलक गा. ३२ ,, |
| | ८ मनोनिग्रहभावना कुलक गा. ४४ |
| ३ उपदेश कुलक गा. १० ,, | ९ गुरुबहुमान कुलक गा. ३४ |
| ४ रत्नत्रयकुलक गा. ३१ ,, | १० पर्यन्ताराधना कुलक गा. १६ |
| ५ धर्मोपदेशकुलक गा. २५ ,, | ११ उपदेश कुलक गा. २६ |

( ६ ) उपर्युक्त संस्था के प्रकाशित "सिरिपयरणसंदोह" में प्रकाशित—

| | |
|---|---|
| १ साहम्मिवच्छलकुलक गा. २५ अभयदेव | ५ संघस्वरूप कुलक गा. १५ |
| २ तित्थमहारिसिकुलक गा. २६ जिनेश्वरसूरि | ६ खंतिकुलक गा. ३१ वासुदेवसूरि |
| | ७ दाणविहिकुलक गा. २५ |
| ३ व्यवस्थाकुलक गा. ६२ | ८ नवकारफलकुलक गा. ३७ |
| ४ चैत्यवंदन कुलक गा. २७ जिनदत्तसूरि | ९ मिच्छत्तमहणकुलक गा. २६ |

( ७ ) स्वतंत्र रूप से प्रकाशित १ गौतम कुलक वृत्ति ( ज्ञानतिलक की टीका ही. हं. ), २ दानादिकुलकवृत्ति, ३ चैत्यवंदन कुलकवृत्ति ( जिनकुशलसूरि प्र. जिनदत्तसूरि ज्ञा. भं. ), ४ द्वादशकुलकवृत्ति. ( जिनपाल प्र. जिनदत्तसूरि ज्ञान.–सुरत), ५ कालस्वरूप कुलकवृत्ति (प्र. अपभ्रंशकाव्यत्रयी ), ६ उत्सूत्रपदोद्घाटनकुलक स्वोपज्ञवृत्ति, गुणविजय ( प्र. जि. द. ज्ञा. ), ७ विधवाकुलक ( मेरे विवेचन सहित ), ८ गुणानुरागकुलक (हिन्दी विवेचन सहित), ९ व्यवस्थाकुलक (सार्थ प्र. मणिधारी जिनचंद्रसूरि में ), १० उपदेशकुलकादि ( हमारे प्र. जिनदत्तसूरि चरित्र में ), ११ साधर्मिककुलक ( सानुवाद प्र. जैनधर्मप्रकाश में ), १२ महावीरश्रावककुलक, १३ जीवायुप्रमाणकुलक ( प्र. जैन सत्य प्रकाश ), १४ आत्मावबोध ( विस्तृत हिन्दी विवेचन सह प्रकाशित है )।

अब हम ज्ञात कुलकों की सूचि अकारादि क्रम से दे रहे हैं।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## कुलकसूचि

| नाम | कर्ता | प्राप्तिस्थान |
| --- | --- | --- |
| अज्ञातोच्छग्रहण कुलक | टी. आनंदविजय | प्र. जै. आ. सभा. |
| अनाथी कुलक गा. ३६ | | जैन गुर्जरकविओ |
| अनित्यता ,, ,, १३ } | | |
| ० ,, ,, ,, १२ } | | |
| अनुशासनफलादिकुलक गा. ७९ | | पा. |
| अनुशासनांकुश कुलक गा. २५ | मुनिसुंदरसूरि | |
| अभयकुलक | | प्र. |
| अभव्य ,, गा. ९ | | प्र. |
| अवस्था ,, (व्यवस्थाकुलक) | जिनदत्तसूरि (जिनचंद्रसूरि) | प्र. मणिधारी जिनचंद्रसूरि में |
| अष्टमी कुलक | पद्मसागर | |
| आत्म ,, गाथा ४३ | जयशेखरसूरि | प्र. |
| आत्म( )बोध कुलक गा. | ,, | प्र. |
| ० ,, ,, ,, ,, ४३ | | श्री. |
| ,, ,, ,, ,, २२ | देवेन्द्र | पा. |
| ,, शुद्धि ,, | | पा. |
| ,, संबोध ,, ,, २१ | | पा. |
| ,, अपभ्रंश ,, ,, ३३ | जिनप्रभ | पा. |
| ,, ,, ,, ४३ | भुवनतुंग | पा. |
| ,, ,, ,, ३३ | | पा. |
| ,, हित ,, ,, ३० | रत्नसिंहसूरि | लीं. प्र. |
| ,, हितोपदेश ,, ,, ३२ | रत्नसूरि | लीं. प्र. |
| आत्मानुशासन ,, ,, ५६ | रत्नसिंहसूरि | (सं १२४९ पाटण) प्र. |
| आत्मानुशास्ति कुलक गा. २५ | रत्नसिंहसूरि | लीं. प्र. |
| आराधना कुलक ,, ८५ | अभयदेवसूरि | |
| ,, ,, ,, १३ | | |
| ,, (समाराधना कुलक) | | |
| ,, गा. ६९ (६१) | सोमसूरि | पा. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| आराधना कुलक गा. १७ ( गा. १६ ) | | पा. |
| ,, विधिकुलक | | पा. |
| ,, गा. ३६ | | पा. |
| ,, गा. १५ | | |
| आलोचना कुलक | | |
| इग्यारह प्रतिमा कुलक गा. १७ | | ह. |
| इरियापथिक ,, ,, ८ | | श्री. |
| इंद्रियविकारविरोध कुलक गा. ९ | | प्र. |
| उत्तमपुरुष कुलक गा. १४ | हेमतिलकसूरि | ली. |
| ,, ,, ,, ,, २५ | जिनरत्नसूरि | जे. |
| उत्साहकुलक | | |
| उत्सूत्रोपदोद्घाटन कुलक गा. ३० | जिनदत्तसूरि | प्र. जिनदत्तसूरि चरित्र |
| ,, ,, ,, | गुणविनय ( स्वोपज्ञवृत्ति ) | प्र. |
| उपदेशकुलक गा. ३३ | मुनिचंद्रसूरि | लीं. प्र. |
| ,, ,, ,, २२ | देवेन्द्र साधु | पा. |
| ,, ,, अपभ्रंश ,, २५ | देवसूरि | ली. |
| ,, ,, ,, २५ | | |
| ,, ( जीवोपदेश कुलक ) | | |
| ,, गा. २६ | रत्नसिंहसूरि | लीं. प्र. |
| ,, ,, १२ | | प्रा. |
| ,, ,, ३० | जिनदत्तसूरि | प्र. |
| उपदेश कुलक (जीवोपालंभ) गा. २५ | नेमिकुमार | पा. |
| ,, मणिमालाकुलक ,, १५ | जिनेश्वरसूरि | [illegible] |
| ,, रत्नमाला ,, ,, २५ | | लीं. |
| उपदेशामृत ,, ,, ३२ | मुनिचन्द्रसूरि | लीं. प्र. |
| ऋषभशत'कुलक | | |
| ऋषिकुलक गा. २६ | | श्री. |
| ऋषिभाषित कुलक | | सू. |
| गोष्ठिकमतोत्सूत्रोद्घाटन कुलक गा. १८ | धर्मसागर | प्र. |
| कर्मविपाक कुलक गा. २२ | | पा. |
| कालचक्र ,, ,, ३४ | जिनप्रभसूरि | ह. |
| कालस्वरूप ,, ,, ३२ | जिनदत्तसूरि टी. जिनपाल | प्र. अपभ्रंशकाव्यत्रयी |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कुलक गा. २१–२२ पा.
क्षमाकुलक रत्नसूरि
" गा. २५ प्र.
क्षांतिकुलक " ३१ वासुदेवसूरि
" (उपशमकुलक गा. २४)
क्षामणाकुलक (जीवखामणा कु. गा. ३८)
" " गा. ११ (१५) ह.
" " " ४६ पा.
जीतार्थ पदावबोध कुलक (भाषा) पार्श्वचंद्रसूरि जैन गुर्जर कविओ
गुरुगुणकुलक गा. २५ प्रद्युम्नसूरि पा.
गुणानुराग " " २८ जिनहर्ष प्र.
गुरुदक्षिणा " " १८
" प्रदक्षिणा " " १६
" बहुमान " " ३४ रत्नसिंहसूरि लीं. ह.
" वेयण " " १५ धनेश्वर पा.
गुर्वाराधना " रत्नसिंहसूरि
गुर्वावली कुलक ह.
गृहस्थधर्म प्रतिपत्ति कुलक गा. ६०
गौतम " १ टी. ज्ञानतिलक ह.
" " २ " सहजकीर्त्ति ह.
" चरित्र " गा. २८ (अपभ्रंश) जिनप्रभसूरि पा. पा.
चतुर्गति क्षामणा " " ३५ जी.
" स्वरूप " पा.
चउदसग " गा. ४० पा.
चिंता " " १२ ह.
चैत्यवंदन " " २९ जिनदत्तसूरि (वृ. जिनकुशलसूरि)
टि. लब्धिनिधान प्र. जिनदत्तसूरिज्ञान
" " " ३५ ह.
छोती " पा.
जंबूस्वामी "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | | | |
|---|---|---|---|---|---|
| जिनेन्द्रविज्ञप्ति | ,, | गा. | ३० | | |
| जीव | ,, | | | नेमिचंद्र | |
| जीवदया | ,, | | | सोमसुंदरसूरि | |
| जीवायुप्रमाण | ,, | गा. | ५ | | प्र. जैन सत्यप्रकाश |
| जीवशिक्षा | ,, | ,, | ३० | | पा. |
| जीवसंख्या | ,, | ,, | | नेमीचंद्र | — |
| जीवसंबोध | ,, | ,, | २० | | — |
| जीवस्थापना | ,, | ,, | | | — |
| जीवानुशासन | ,, | ,, | २९ | | पा. |
| जीवाणुसट्ठि | ,, | ,, | | यशोघोष (सूरि) | पा. |
| ,, | ,, | ,, | २५ | | पा. |
| ,, | ,, | ,, | ३२ | | पा. |
| ०जीवोपदेश | ,, | | | | पा. |
| ०जीवोपालंभ | ,, | | | | पा. |
| ज्ञानप्रकाश | ,, | ,, | १३४ (अपभ्रंश) | जिनप्रभसूरि | पा. |
| ०तप | ,, | ,, | २० | ( देवेन्द्रसूरि ) | ली. |
| त्रयोदश नमस्कार स्वरूप फल कुलक | | | | | |
| त्रिषष्टि शलाका पुरुष कुलक | | | | | ह. |
| ,, ध्यान | ,, | | | | ह. |
| दश श्रावक कुलक गा. १७ | | | | | प्र. कुलकसंग्रह |
| ०दान | ,, | ,, | २० | (देवेंद्र) | ली. |
| दान महिमा कुलक | | | | | |
| दानशीलतपभावना कुलक[1] | | | | देवेन्द्रसूरि<br>१ टी. देवविजय<br>२ टी. लाभकुशल | प्र. |
| दानशीलतपभावना कुलक | | गा. | ३० | | ह. |
| ,, विधि | ,, | ,, | २४ | | |
| द्वादश भावना | ,, | ,, | १५ | | ह. |

[1] गाथा २०-२०-२०-२१

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારે ત્યાંથી મળી શકતા પુસ્તકોની સૂચિ.

## [ ભુકાકારે ]

| | |
|---|---|
| ઉપમિતિભવ૦ ભા. ૧-૨-૩-૪ | ૧૨-૮-૦ |
| ત્રિષષ્ટિ શલાકાપુરુષચરિત્ર પર્વ ૧-૯ | ૧૧-૦-૦ |
| ઉપદેશપ્રસાદ ભાગ ૧-૩-૪-૫ | ૯-૮-૦ |
| ,, ભાગ ૧ લો ( હિંદી ) | ૩-૦-૦ |
| જૈન કથારત્નકોષ ભાગ ૬ | ૪-૮-૦ |
| ભોજપ્રબંધ ભાષાંતર | ૧-૮-૦ |
| હિતશિક્ષાના રાસનું રહસ્ય | ૧-૮-૦ |
| તત્ત્વાર્થસૂત્ર ( સુખલાલજી ) | ૨-૦-૦ |
| ,, સવિવેચન (મુનિ રામવિજયજી) | ૩-૦-૦ |
| નિત્યસ્વાધ્યાયસંગ્રહ | ૩-૦-૦ |
| ભરતેશ્વરબાહુબલિવૃત્તિ | ૩-૦-૦ |
| કલિંગનું યુદ્ધ | ૧-૦-૦ |
| શ્રી માણિભદ્રચરિત્ર | ૦-૧૨-૦ |
| સપ્તસંધાન ( મહાકાવ્ય ) | ૪-૦-૦ |
| સાહિત્યશિક્ષામંજરી | ૧-૮-૦ |
| વૈરાગ્યશતક ( સવિવેચન ) | ૧-૦-૦ |
| ઇંદુદૂત ( સટીક ) | ૨-૦-૦ |
| નિહ્નવવાદ | ૩-૦-૦ |
| ભુવનભાનુ કેવળીચરિત્ર | ૦-૮-૦ |
| યુરોપનાં સંસ્મરણો | ૧-૮-૦ |
| વિશ્વરચના પ્રબંધ | ૧-૮-૦ |
| વ્યાપારદર્શન | ૨-૮-૦ |
| શ્રાદ્ધદિનકૃત્ય | ૦-૧૨-૦ |
| સિદ્ધાંતમુક્તાવલિ | ૧-૦-૦ |
| શ્રી આદિનાથચરિત્ર | ૧-૮-૦ |
| આચારપ્રદીપ | ૧-૪-૦ |
| આગમસારોદ્ધાર | ૦-૧૨-૦ |
| ઉપમિતિ પીઠબંધ ભાષાંતર | ૦-૧૨-૦ |
| કચ્છગિરનારની મહાયાત્રા | ૧-૮-૦ |
| ગુણસ્થાનકમારોહ | ૦-૧૨-૦ |
| જંબૂસ્વામી ચરિત્ર | ૦-૧૨-૦ |
| જૈન ઐતિહાસિક રાસમાળા ભા. ૧ | ૦-૧૨-૦ |
| દેવવિનોદ | ૧-૦-૦ |
| દિનશુદ્ધિદીપિકા | ૧-૮-૦ |
| ધન્નાશાલિભદ્રરાસ | ૧-૮-૦ |
| નમસ્કાર મહામંત્ર | ૦-૪-૦ |
| નવસ્મરણસંદોહ | ૦-૮-૦ |
| સ્યાદ્વાદમંજરી | ૩-૦-૦ |
| સ્નાત્રપૂજાકળશાદિ | ૧-૮-૦ |
| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ | ૧-૮-૦ |
| આચારોપદેશ | ૦-૧૨-૦ |
| આદિજિન પંચકલ્યાણપૂજા | ૦-૪-૦ |
| શ્રી ગિરનારજી તીર્થનો પરિચય | ૦-૪-૦ |
| નયવાદ | ૦-૩-૦ |
| શિવભૂતિ | ૦-૪-૦ |
| આત્મવાદ | ૦-૧૦-૦ |
| વિચારસૌરભ | ૦-૩-૦ |
| ધનપાલપંચાશિકા | ૦-૪-૦ |
| પાક્ષિક અતિચાર | ૦-૪-૦ |
| વ્યવહાર કૌશલ્ય ભાગ ૧ તથા ૨ જો | ૦-૬-૦ |
| નવપદજીની પૂજા ( શ્રી પદ્મવિજયજી ) | ૦-૪-૦ |
| શારદાપૂજન વિધિ | ૦-૧-૦ |
| સામાયિક સૂત્ર | ૦-૩-૦ |
| પં. શ્રી વીરવિજયજી જીવનચરિત્ર | ૦-૨-૦ |
| શ્રી વૃદ્ધિચંદ્રજી જીવનચરિત્ર | ૦-૪-૦ |
| ઉપદેશસપ્તતિકા | ૦-૪-૦ |
| તીર્થંકરનામાવલિ | ૦-૪-૦ |
| સાદા ને સરલ પ્રશ્નોત્તર ભાગ ૨, ૩, ૪ દરેકના | ૦-૫-૦ |
| પર્યુષણપર્વની કથા | ૩-૪-[illegible] |
| બાર ભાવનાની સજ્ઝાય | |
| જંબૂદ્વીપસમાસ | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | | |
|---|---|---|---|
| અર્હન્નામસમુચ્ચય | ૦-૩-૦ | અનેકાંતવ્યવસ્થા પ્રકરણ | ૩-૦-૦ |
| પવિત્રતાને પંથે | ૦-૬-૦ | ઉપદેશ સાર્થ | ૨-૦-૦ |
| સ્તવનાવળી | ૦-૪-૦ | ઉપમિતિ પરિણામમાલા | ૦-૧૨-૦ |
| સંવેગમાળા | ૦-૪-૦ | કલ્પસૂત્ર સુબોધિકા ( દ્વિ. આ. ) | ૪-૦-૦ |
| શબ્દભેદપ્રકાશ | ૦-૨-૦ | ગાંગેયભંગ પ્રકરણ | ૧-૮-૦ |
| સિંદુરપ્રકરણ | ૦-૪-૦ | ચઉશરણ આઉર પચ્ચખાણ | ૦-૮-૦ |
| જિનસહસ્રનામ | ૦-૩-૦ | ધન્ના શાલિભદ્ર મૂળ | ૧-૮-૦ |
| પ્રકરણ રત્ન સંગ્રહ ભા. ૨ | ૦-૬-૦ | ધર્મપરીક્ષા | ૨-૦-૦ |
| પ્રિયંકર નૃપચરિત્ર | ૦-૬-૦ | નવતત્ત્વ સુમંગલા | ૪-૦-૦ |
| પાલગોપાળ ચરિત્ર | ૦-૪-૦ | નલાયન | ૭-૦-૦ |
| ઉપધાન વિધિ | ૦-૨-૦ | પાંડવ ચરિત્ર ભા. ૧ | ૪-૦-૦ |
| શ્રી ગૌતમસ્વામી રાસ | ૦-૨-૦ | ,, ભા. ૨ | ૪-૦-૦ |
| અધ્યાત્મ બારાક્ષરી | ૦-૩-૦ | વર્ધમાન દેશના ભાગ ૨ | ૨-૦-૦ |
| ચારે દિશાની તીર્થમાળા | ૦-૪-૦ | વૈરાગ્યકલ્પલતા | ૭-૦-૦ |
| ભાવલોકપ્રકાશ | ૦-૨-૦ | શાંતિનાથ ચરિત્ર | ૨-૧૨-૦ |
| વીશસ્થાનકતપવિધિ | ૧-૮-૦ | સુબોધિકા કલ્પસૂત્ર | ૩-૦-૦ |
| [ પ્રતાકારે ] | | સ્તુતિકલ્પતા | ૧-૦-૦ |
| આચારપ્રદીપ | ૧-૦-૦ | શ્રી ચંદ્રકેવલી ચરિત્ર | ૧-૮-૦ |
| આરંભસિદ્ધિ | ૩-૦-૦ | સપ્તસંધાન ( મહાકાવ્ય ) | ૪-૦-૦ |

## વર્ષપ્રબોધ અને અષ્ટાંગ નિમિત્ત.

આ ગ્રંથની બીજી આવૃત્તિ ખલાસ થઇ ગયાને ઘણો સમય થઇ જવાથી તેની વારંવાર માગણી રહેતી હોવાથી છાપકામ વિગેરેની મોંઘવારી છતાં આ ઉપયોગી ગ્રંથની ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી છે. આ જ્યોતિષના અદ્ભુત ગ્રંથમાં બારે માસના વાયુનો વિચાર, સાઠ વર્ષનું ફળ, શનિ નક્ષત્રના યોગનું ફળ, અયન, માસ, પક્ષ, દિન, વર્ષરાજાદિકનો અધિકાર, મેઘગર્ભ, તિથિફળ, સૂર્યચાર, ગ્રહણ, શકુનનિરૂપણ, તેજીમંદી સ્વરૂપ, ધ્રુવાંક, હસ્તરેખા વિગેરે વિષયોનો સમાવેશ કરેલ છે; છતાં કિંમત રૂા. ૬ાા, પોસ્ટેજ અલગ.

**લખોઃ—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only